Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 213 Dt.18-06-2022 (Saturday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001



**પાવાગઢમાં પાંચ સદીઓ બાદ આવ્યો સુવર્ણ અવસર**

**માતૃવંદનાથી શક્તિ માતાની આરાધના સુધી... શનિવારની યાત્રાને યાદગાર બનાવતા વડાપ્રધાન**

# વડાપ્રધાનના હસ્તે કાલિકા મંદિરનું ઉદ્ઘાટન અને ધ્વજારોહણ



## શતાયુ માતાના ચરણ પ્રક્ષાલન કરતા નરેન્દ્ર મોદી

ગાંધીનગર: વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમની અનન્ય માતૃભક્તિ માટે જાણીતા છે. વડાપ્રધાન તરીકેની જવાબદારી અને ખૂબ જ વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે પણ તેઓ જયારે વતન પરત આવે ત્યારે માતા હીરાબાને મળવાનું ચુકતા નથી. ગઈકાલે વડાપ્રધાન માતાને મળવા માટે ગાંધીનગર પહોંચી ગયા હતા. હીરાબા વયની સદી વટાવી ગઈકાલે ૧૦૦ વર્ષના થયા હતા. ત્યારે એમના જન્મદિને વડાપ્રધાને ગાંધીનગર એમના નિવાસી સ્થાને પહોંચી માતા હીરાબા સાથે યાદગાર પળો વિતાવી હતી. એમણે માતા હીરાબાને સ્વસ્થ અને દીર્ઘાયુ જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાને પૂજ્ય હીરાબાનાં ચરણમાં પુત્ર સહજભાવે બેસીને માતુશ્રીનું ચરણ પ્રક્ષાલન કર્યું હતું અને હંમેશની જેમ માંના આશીર્વાદ લીધા હતા. વડાપ્રધાન મોદીએ માતાજીને ૧૦૦ માં જન્મદિનની હૃદયપૂર્વક શુભેચ્છા આપી હીરાબાને મીઠાઈ પણ ખવડાવી હતી. આજે વહેલી સવારે તેઓ માતાને મળવા દોડી ગયા હતા અને માતાનાં ચરણમાં બેસીને એમની સાથે જીવનનાં સુખદ સંસ્મરણો તાજા કર્યા હતા.(૨.૧૨)

## આ મારા જીવનની ધન્ય પળ છે, સપનું સિધ્ધિ બનીને આંખોની સામે હોય તો આનંદ અનોખો હોય છેઃ મોદી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

વડોદરા, તા.૧૮

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની ગુજરાત યાત્રાનાં બીજા દિવસે શનિવારે સવારે ઐતિહાસિક ધર્મસ્થાન પાવાગઢ પહોંચી ૫૦૦ વર્ષમાં પહેલીવાર નવનિર્મિત કાલિકા માતાનાં મંદિરે ધ્વજારોહણનું અહોભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. સદીઓ બાદ સર્જાયેલી ઐતિહાસિક અને ભાવનાશીલ ઘટનામાં કાલિકા માતાજીનાં મંદિર, શિખર અને ધ્વજનું આજે વડાપ્રધાનનાં હસ્તે પુનઃ સ્થાપન થતા એક નવો ઈતિહાસ આલેખાયો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજે મારા જીવનની આ ધન્ય પળ છે. ગુપ્ત નવરાત્રી પહેલા આપણી સામે આ મંદિર ઉભું થયું છે. યુગો અને સદીઓ બદલાઈ છે. પણ શક્તિ લુપ્ત થતી નથી.

એમણે કહ્યું હતું કે, સદીઓ સુધી માતાના મંદિરમાં ધ્વજારોહણ ન થયું. આજે માતાનું મંદિર આપણું મસ્તક ગૌરવથી ઊંચું કરી નાખે છે. યુગો વીતી ગયા પછી પણ આસ્થાનું શિખર યથાવત રહે છે. ૫૦૦ વર્ષ સુધી માતાની ધ્વજા ફરકી ન હતી પણ આજે આ ભવ્ય મંદિર આપણી સામે છે. આજે નવી પ્રેરણા અને ઉર્જા મળી છે. સદીઓ બાદ આ મંદિર આપણા મસ્તકને પણ ઊંચું કરે છે. શિખર ધ્વજ આપણી આસ્થાનું પ્રતિક છે. એટલે જ આ મારા જીવનની ધન્ય પળ છે. માતાનાં ચરણોમાં શીશ નમાવવાનું સૌભાગ્ય મળ્યું છે. સપના જયારે સિધ્ધિ બનીને સામે આવે છે ત્યારે તેનો આનંદ અનોખો હોય છે.

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૧૦ વાગ્યાનાં સુમારે પાવાગઢ પહોંચી ગયા હતા. એમણે પાવાગઢમાં નવનિર્મિત કાલિકા માતાજીનાં મંદિરનું ઉદ્ઘાટન કરી ધ્વજારોહણ કર્યું હતું. લાખો શ્રધ્ધાળુઓ માટે આસ્થાનાં પ્રતિક સમાન મંદિરમાં મોદીએ ભાવપૂર્વક શીશ ઝુકાવ્યું હતું. તેમણે માં પાવાવાળીનાં ભાવુકતા સાથે દર્શન કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન માં શક્તિનાં પ્રખર ઉપાસક તરીકે વિખ્યાત છે. તેઓ નવરાત્રીનાં નવ દિવસ ઉપવાસ પણ કરે છે. એટલે આજે એમના હસ્તે જ કાલિકા માતાના શિખર અને ધ્વજાનું પુનઃ સ્થાપન થતા વડાપ્રધાને ધન્યતા અનુભવી હતી.

લગભગ ૫૦૦ વર્ષ પહેલા ગુજરાતનાં બાદશાહ મહેમુદ બેગડાએ પાવાગઢ જીતી લીધા બાદ કાલિકા માતાનાં મંદિરને ધ્વસ્ત કર્યું હતું. સદીઓથી અહીં ધ્વજારોહણ થયું ન હતું પણ આજે માતાજીનાં અનન્ય ભક્ત અને શક્તિ ઉપાસક વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હસ્તે જ નવનિર્મિત મંદિરનું ઉદ્ઘાટન થયું અને એમના હસ્તે જ યોગ્ય રીતે ફરીથી ધ્વજા ફરકી ઉઠી છે. જેના કારણે લાખો શ્રદ્ધાળુઓએ ગદગદ થઈને અહોભાવની લાગણી વ્યક્ત કરી છે.

શક્તિ ઉપાસક નરેન્દ્ર મોદીએ મહાશક્તિનાં ચરણોમાં શીશ ઝુકાવ્યું ત્યારે મંદિરમાં અનેક સંતો-મહંતો

(અનુ.પાના નં.૪ ઉપર)

### માતાજીનાં ૧૦૦ માં જન્મદિને મોદીનું ભાવુક ટ્વીટ

## હું આજે જે કંઈ છું, એ મારા માતા-પિતાને આભારી છેઃ વડાપ્રધાન

આજે મને અનેક સંસ્મરણોએ ઘેરી લીધો છે. મારા માતુશ્રીએ જીવનમાં ખૂબ જ પરિશ્રમ કર્યો છે. પારકા ઘરનાં વાસણો ધોયા અને આવક માટે ચરખો પણ ચલાવ્યો. આટલી મોટી વય છતાં મારા માતા માનસિક રીતે એકદમ સજ્જ અને સતર્ક છે. માં એ મારા માટે કોઈ શબ્દ નથી પણ ભિન્ન- ભિન્ન ભાવનાઓનું પ્રતિક છે. મારા માતાએ કમરતોડ પરિશ્રમ કર્યો છે. આજે એમના ૧૦૦ માં જન્મદિને ખૂબ જ હર્ષ અને કૃતજ્ઞતા સાથે હું મારા વિચારો વ્યક્ત કરું છું. મારા માતુશ્રીએ ઘર ખર્ચને પહોંચી વળવા કેટલાય ઘરનાં વાસણ પણ ધોયા. તેમાંથી સમય કાઢીને થોડી વધુ આવક માટે માતાજી ચરખો પણ ચલાવતા. ખૂબ જ પરિશ્રમ કર્યો. કપાસનાં કાલા ફોલવાનું પણ કામ કરતા. આટલી મહેનત વચ્ચે પણ એ અમને કાંટા ન વાગે તેની ચિંતા કરતા રહેતા.

### રિઝર્વ બેન્કના ગવર્નરનો મહત્વનો નિર્દેશ

## લોન વસૂલાત માટે બેન્કો-એજન્ટો બળજબરી ન કરી શકેઃ નિયમો ઘડાશે

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી,તા. ૧૮

બેન્કો અથવા નાણાં સંસ્થાઓ પાસેથી લોન મેળવનારા ગ્રાહકોને વસૂલાત માટે ધાકધમકી આપીને પરેશાન કરનારા એજન્ટો સામે હવે સખ્ત નિયમો તૈયાર કરવામાં આવશે તેવો મહત્વનો નિર્દેશ રિઝર્વ બેન્કના ગર્વનરશશીકાંત દાસે આપ્યો છે.

બેન્કો કે નાણાં સંસ્થાઓના એજન્ટો ધિરાણ વસૂલી માટે ગ્રાહકોને પરેશાન નહીં કરી શકે તે વારંવાર ફોન નહીં કરી શકે અથવા બળજબરીપૂર્વક નાણાં ચૂકવવા દબાણ નહીં કરી શકે. આ પ્રકારનાં નક્કર નિયમો ઘડવામાં આવશે અને તેનો સખ્તાઇથી અમલ કરાવવામાં આવશે. રિઝર્વ બેન્કના ગર્વનર શશીકાંત દાસે કહ્યું કે લોનના નાણાં વસૂલવા એજન્ટો ગમે ત્યારે

**ધિરાણ વસૂલાત માટે માર્ગદર્શિકા મુજબ જ પ્રક્રિયા થવી જોઇએઃ નવા કડક નિયમો તૈયાર થશે**

ગ્રાહકોને ફોન કરતાં હોય છે. ખરાબ ભાષામાં વાત કરતા હોય છે અથવા ધાકધમકી પણ આપતા હોય છે.

બેન્કો પાસે લોન વસૂલાતના અધિકાર છે પરંતુ કાયદાકીય મર્યાદામાં કાર્યવાહી કરવાની હોય છે.લોન ધારકોને માનસિક પરેશાની કરી શકાતી નથી. ખાસ કરીને એજન્ટો તરફથી ફોનમાં ધાકધમકી મામલે બેન્કોએ માર્ગદર્શિકાનું પાલન કરવું જોઇએ. લોન વસૂલાત માટે એજન્ટોને યોગ્ય દિશા નિર્દેશ પણ આપવા જોઇએ. રિઝર્વ બેન્કના ગર્વનરે વધતી મોંઘવારીને

**(એજન્સી સમાચાર)**




# અગ્નિવીરને આસામ રાઈફલ-કેન્દ્રીય અનામત દળોમાં ૧૦% અનામત



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૮

ભારતીય સેનામાં ભરતી માટે જાહેર કરાયેલી અગ્નિપથ યોજના સામે બિહાર-ઉતરપ્રદેશ દેશના ૧૬થી વધુ રાજયોમાં સર્જાયેલા વિરોધ તથા સતત ત્રણ દિવસથી ચાલી રહેલી હિંસા વચ્ચે આજે એક તરફ કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંઘની અધ્યક્ષતામાં સેનાની ત્રણેય પાંખના વડાઓની એક બેઠક મળશે અને આ યોજના અંગે પુનઃ સમીક્ષા થશે તેવા સંકેત છે. બીજી તરફ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે ચાર વર્ષની સેવા પુરી કરનાર જવાનોને આસામ રાઈફલ તથા કેન્દ્રીય અર્ધલશ્કરી દળોમાં ૧૦% અનામતની જોગવાઈ કરવાની જાહેરાત કરી છે.

આ ઉપરાંત અગ્નિપથ યોજના હેઠળ આગામી તા.૨૪ની ભારતીય હવાઈ દળ અને નૌકાદળમાં ભરતી શરૂ થનાર છે અને પ્રથમ બેચ માટે ઉમરમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવી છે. મતલબ કે હવે પ્રથમ બેચમાં અગ્નિવીર તરીકે ચાર વર્ષની સેવા આપનાર જવાનને ઉંમર મર્યાદામાં પાંચ વર્ષની છૂટ મળશે

બીજી અને ત્યારબાદની દરેક બેંચને ત્રણ વર્ષની છૂટ સાથે આસામ રાઈફલ તથા અર્ધલશ્કરી દળોમાં ૧૦% અનામત સાથે ઉમર મર્યાદાનો પણ લાભ મળશે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ચેરાપુંજીમાં એક જ દિવસમાં ૩૯ ઈંચ વરસાદ પડયો

**(એજન્સી સમાચાર)**

ચેરાપુંજી,તા.૧૮

ભારતમાં દર વર્ષે સૌથી વધારે વરસાદ ઈશાન ભારતના મેઘાલય રાજયમાં પહાડો પર વસેલા નગર ચેરાપુંજીમાં પડતો હોય છે. આજે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન અહીં ૯૭૨ મિ.મી. વરસાદ પડ્યો હતો. હજી બે દિવસ પહેલાં જ રોજ ૮૧૧ મિ.મી. વરસાદ પડ્યો હતો. આ વરસાદ ૧૯૯૫ની સાલ કરતાં સૌથી વધારે છે અને છેલ્લા ૧૨૨ વર્ષમાં ત્રીજા નંબરનો સૌથી વધારે છે.

વરસાદને કારણે દુનિયામાં સૌથી વધારે ભીના રહેતા સ્થળોમાંનું એક



ચેરાપુંજી છે. આજે સવાર સુધીમાં આ પહાડી નગરમાં આ મહિનાનો કુલ વરસાદ ૪૦૮૧.૩ મિ.મી. નોંધાયો છે.

# કોરોનાની કોવેકિસન રસી બે વર્ષના બાળકો માટે સુરક્ષિત

## ભારત બાયોટેકે ૨ થી ૧૮ વર્ષની વયજૂથના લોકો પર કર્યું પરીક્ષણ




**(એજન્સી સમાચાર)**

હૈદ્રાબાદ,તા. ૧૮

ભારત બાયોટેક ઇન્ટરનેશનલ લિમિટેડે જણાવ્યું હતું કે, બે વર્ષના બાળકો માટે પણ કોરોના રસી કોવેકિસન સુરક્ષિત છે. રસી નિર્માતા કંપનીએ જણાવ્યું હતું કે, બીજા અને ત્રીજા ચરણના અભ્યાસ દરમિયાન કોવેકિસન બેથી ૧૮ વર્ષના આયુષ્ય વર્ગ માટે સુરક્ષિત જોવા મળી છે. રસી તેમનામાં રોગ પ્રતિકારક ક્ષમતા વિકસિત કરનાર સાબિત થઇ છે.

રસી નિર્માતા કંપનીએ એક યાદીમાં જાહેર કર્યું છે કે અધ્યયનને સ્વીકાર કરી લેવામાં આવ્યું છે. તેમ લેન્સેટ ઇન્ફેકિશયલ ડિસીઝ પત્રિકામાં પ્રકાશિત કરાયું છે. ભારત બાયોટેકે જૂન ૨૦૨૧થી સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન બે વર્ષથી ૧૮ વર્ષના સ્વસ્થ બાળકો અને કિશોરો પર રસીના બીજા અને ત્રીજા ચરણનું પરીક્ષણ કર્યું હતું.

પરીક્ષણ એ જાણવા માટે કરાયું હતું કે બેથી ૧૮ આયુષ્ય વર્ગના લોકોને કોવેકિસનની રસી લગાવવામાં આવે તો તેના માટે તે કેટલું સુરક્ષિત રહેશે. તેમનું શરીર શું પ્રતિક્રિયા આપશે તેમની પ્રતિરક્ષા ક્ષમતા પરતેની શું અસર થશે.(૯)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

## જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

CMYK

# એ.પી.પટેલ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાલે ત્રિવિધ કાર્યક્રમ યોજાશે



શ્રીમતી અમૃતબેન પોપટભાઈ પટેલ કન્યા છાત્રાલયનાં સેક્રેટરી ગોવિંદભાઈ ખુંટ, ટ્રસ્ટી કનુભાઈ અકબારી, હરિભાઈ પરસાણા, હેમંતભાઈ માંગરોલીયા, એમ.એમ.બાલિયા, મીનાક્ષીબેન પટેલ, હરજીભાઈ ખુંટ, ભુપેન્દ્રભાઈ વેકરીયા, સંભુભાઈ બારસીયા, શિવલાલભાઈ ગઢીયા, શિવલાલભાઈ બારસીયા માહિતી આપતા તસ્વીરમાં નજરે પડે છે.(૧૪.૧૨) (તસવીરઃ પંકજ ડાભી)

## નવનિર્મિત કન્યા છાત્રાલય– લોકાર્પણ, ગોવિંદભાઈ ખૂંટ અમૃત મહોત્સવ અભિવાદન અને જીવન અંજલિ થાજો સ્મરણિક વિમોચન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

એ.પી.એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં નવનિર્મિત કન્યા છાત્રાલયનું લોકાર્પણ, ગોવિંદભાઈ ખુંટ અમૃત મહોત્સવ અભિવાદન અને જીવન અંજલિ થાજો સ્મરણિક વિમોચન આગામી તા.૧૯ ને રવિવારે સાંજના ૪:૩૦ કલાકે ટોપલેન્ડ વિદ્યાભવન, એસ્ટ્રોન સોસાયટી, અમિન માર્ગ આયોજન કરેલ છે. સંસ્થાનાં ખાતમુહૂર્ત નિમિતે અધ્યક્ષ તરીકે ગુજરાત વિધાનસભાનાં તત્કાલીન ઉપાધ્યક્ષ અને સમાજનાં અગ્રણી રમણીકભાઈ ધામી આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે પધારેલ. કેળવણી અને સમાજ સુધારાનાં સંવાહક, આજીવન ઉપાસક આંબાભાઈ નાથાભાઈ પટેલ, જેતપુર તથા કાર્યક્રમનું સફળ સંચાલન કરનાર તત્કાલીન યુવાન ઉદ્યોગપતિ અને વકતા વજુભાઈ ગોકળભાઈ માવાણી હવે આપણી વચ્ચે નથી. તેઓનું પણ સ્મરણ કરીએ અને આ ખાતમુહૂર્ત કુ.નિશા જાગાભાઈ ખુંટનાં હસ્તે સંપન્ન થયેલ તેમ જણાવ્યું હતું.

ઈ.સ. ૧૯૮૪ ની સાલમાં એ.પી.પટેલ કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં આવી હતી. આ છાત્રાલયમાં એક હજારથી વધુ હાલ વિદ્યાર્થીની સંખ્યા છે.


શહેર તથા ગ્રામ્યમાં રહેતી છાત્રા અહીં અભ્યાસ કરે છે. અભ્યાસની સાથે- સાથે છાત્રાનાં સર્વાંગી વિકાસ માટે એનસીસી, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્કાઉડ ગાઈડ વગેરે એકટીવીટી કરાવવામાં આવે છે તથા ૩ વિદ્યાર્થીઓએ ફાયરીંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવેલ છે. આ છાત્રાલયમાં ૨૧૬ રૂમ અને બે હજાર દીકરીઓને રહેવાની વ્યવસ્થા છે. કન્યા છાત્રાલયની દીકરીઓને શહેરની અન્ય સ્કૂલોમાં ચાલીને ભણવા જવું ન પડે તે માટે ટ્રસ્ટ દ્વારા શાળા શરૂ કરવાની મંજૂરી મેળવી હતી.

આ શાળાનો બારદાનવાલા કન્યા વિદ્યાલયનાં નામે પ્રારંભ થયો હતો. આ વર્ષ ૯૦ ટકા એચએસસીની રીઝલ્ટ આવેલ હતું.(૧૪.૧૨)

# ડો.ભરત બોઘરાના જન્મદિવસે મહા રકતદાન શિબિરનું આયોજન

જસદણ, તા.૧૮

જસદણના પુર્વ ધારસભ્ય અને ગુજરાત રાજયના ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરાનો આગામી બુધવારના રોજ જન્મદિન હોય તે સંદર્ભે એમનાં મિત્રો, શુભેચ્છકો, અને પાર્ટીના હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકરો દ્વારા જસદણ અને વિંછિયા પંથકમાં સેવાઓની હારમાળા સર્જાશે આ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.



લોહીની જ રૂરિયાતવાળા દર્દીઓને રાહત મળે તે માટે આગામી બુધવારે કે.ડી. પરવાડીયા હોસ્પિટલ આટકોટ ખાતે એક મહારક્તદાન શિબિર પણ યોજવામાં આવેલ છે. જેમાં હજજારો રક્તદાતાઓ રકતદાન કરી એક ખરાં અર્થમાં રેકોર્ડ પણ બનાવશે. આ શિબિરમાં લોકોએ વધુમાં વધુ રક્ત દાન કરવું તે માટે જસદણ નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ અલ્પેશભાઈ રૂપારેલિયા અને જસદણ શહેર ભાજપ યુવા બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઈ રાઠોડએ લોકોને અપીલ કરી છે.

# વડાપ્રધાન મોદી દ્વારા રૂ.૨૧,૦૦૦ કરોડથી વધુના પ્રકલ્પોના શુભારંભનો વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં રૂા.૨૧,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિભાગના પ્રકલ્પોના શુભારંભ, ખાતમુહૂર્ત અને ઇ-લોકાર્પણનો વર્ચ્યુઅલ કાર્યક્રમ રાજકોટના હેમુ ગઢવી ઓડીટોરીયમ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઇ બોદરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે પ્રમુખ ભુપતભાઇ બોદરએ અધ્યક્ષીય પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, પી.એમ. નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૪ થી ગ્રામ્ય વિસ્તારો અને નાનામાં નાના માણસની ચિંતા કરી તેઓના ઉત્કર્ષ માટે અનેકવિધ યોજનાઓ બનાવી છે.

કલેકટર અરૂણ મહેશ બાબુએ પ્રધાનમંત્રીને તમામ ઘરવિહોણા લોકોને 'ઘરનું ઘર' પૂરૂં પાડવાના મિશનની વાત ઉચ્ચારી નિયત સમય મર્યાદામાં લોકોને ઘર મળી રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા અગ્રતાના ધોરણે કામગીરી ધરવામાં આવી રહી છે, તેમ જણાવ્યું હતું.

સૌ મહાનુભાવોએ પ્રધાનમંત્રીનો વડોદરા ખાતેના કાર્યક્રમને સ્ક્રીન પર નિહાળ્યો હતો તેમજ મહાનુભાવોના હસ્તે લાભાર્થી



મહિલાઓને ઘરની ચાવી, પૂજાપો સુપરત કરી ગૃહપ્રવેશ કરાવાયો હતો. રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૩૪૭ અને નગરપાલિકાના શહેરી વિસ્તારના ૧૪૦૬ લાભાર્થીઓને પી.એમ. આવાસ યોજના હેઠળ લાભ પૂરો પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડી.આર.ડી.એ.ના નિયામક એન.આર. ધાંધલ, અગ્રણી મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા તેમજ લાભાર્થી મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નેત્રદીપ આઇ હોસ્પિટલનું મેક્સિવિઝ સાથે સંયુક્ત સાહસ



## નેત્રદીપ મેક્સિવિઝન આઇ હોસ્પિટલ તરીકે રિબ્રાન્ડ કરાશે તેમજ સૌરાષ્ટ્રમાં સૌથી મોટી આઇ કેર ચેઈન બનવાનું લક્ષ્ય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેર અને આસપાસના પ્રદેશોમાં ગુણવત્તાયુક્ત આઇ-કેર હેલ્થકેર માટે ત્રણ દાયકાથી જાણીતી નેત્રદીપ આઇ હોસ્પિટલે સૌરાષ્ટ્રના બીજા શહેરોમાં વિસ્તરણની તેની યોજનાના ભાગરૂપે મેક્સિવિઝન આઇ હોસ્પિટલ સાથે સંયુક્ત સાહસની રચના કરી છે.

વર્ષ ૧૯૮૭માં ઉપલેટામાં એક નાની હોસ્પિટલથી શરૂઆત કરતાં આજે નેત્રદીપ આઇ હોસ્પિટલ ડો. વસંત સાપોવડિયાના નેતૃત્વ હેઠળ ચાર હોસ્પિટલ્સ સાથે રાજકોટમાં સૌથી મોટી આઇ હોસ્પિટલ્સની ચેઇન તરીકે ઉભરી આવી છે. આ વિસ્તારમાં નેત્રદીપ આઇ હોસ્પિટલ બેસ્ટ-ઇન-કલાસ આઇ સર્જરી અને નવી આધુનિક ટેક્નોલોજી બાબતે અગ્રેસર છે.નેત્રદીપ આઇ હોસ્પિટલે દક્ષિણ ભારતમાં ૨૦થી વધુ હોસ્પિટલ ધરાવતી અગ્રણી આઇ કેર ચેઇન પૈકીની એક મેક્સિવિઝન આઇ હોસ્પિટલ સાથે સંયુક્ત સાહસ રચ્યું છે તથા નેત્રદીપ મેક્સિવિઝન આઇ હોસ્પિટલ તરીકે પોતાની જાતને રિબ્રાન્ડેડ કરી છે. વર્તમાન મહિનેથી નવી બ્રાન્ડ હેઠળ હોસ્પિટલ્સ તેની કામગીરી શરૂ કરશે.

નેત્રદીપ આઇ હોસ્પિટલના મેનેજિંગ ડાયરેક્ટર અને સિનિયર સર્જન ડો. સાપોવાડિયાએ જણાવ્યું હતું કે, નેત્રદીપ આઇ હોસ્પિટલની વૃદ્ધિ તથા વર્ષોથી રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં લોકોને ગુણવત્તાયુક્ત આઇ કેર સેવાઓ પૂરી પાડવામાં અમારી ક્ષમતાઓને જોતાં મને ખુશી અનુભવાય છે. આ પ્રદેશમાં સૌથી મોટી આઇ કેર ચેઇન બનવાના વિઝન સાથે અમે સૌરાષ્ટ્રના બીજા શહેરોમાં વિસ્તરણ કરવા માગીએ છીએ.

મેક્સિવિઝન આઇ હોસ્પિટલના ચેરમેન ડો. જીએસકે વેલુએ જણાવ્યું હતું કે, મેક્સિવિઝન ખાતે અમારૂં ધ્યાન ઉત્કૃષ્ટ ડોક્ટર્સ સાથે સારી હોસ્પિટલનું નિર્માણ કરવાનો તથા બેસ્ટ ટેક્નોલોજીથી વિવિધ રાજ્યોમાં દર્દીઓને વાજબી કિંમતે ઉચ્ચ-ગુણવત્તાયુક્ત આઇ કેર સેવાઓ ઉપલબ્ધ કરાવવા ઉપર કેન્દ્રિત છે.

આ પ્રસંગે વાત કરતાં મેક્સિવિઝન આઇ હોસ્પિટલ્સના ગ્રુપ સીઇઓ સુધીરે જણાવ્યું હતું કે, અમે ડો. વસંત સાપોવાડિયા અને તેમની ટીમ સાથે ભાગીદારી કરતાં ખૂબજ ઉત્સાહિત છીએ. અમે ટૂંક સમયમાં તમામ હોસ્પિટલમાં દર્દીઓ માટેની સેવાઓમાં વધારો કરીશું.

આ સંયુકત સાહસ હેઠળ નેત્રદીપ મેક્સિવિઝન આઇ હોસ્પિટલ્સ મોરબી, ભુજ, જામનગર, ઉપલેટા અને પોરબંદરમાં વિસ્તરણ સાથે પ્રદેશમાં સૌથી મોટી આઇ કેર ચેઇન બનવાની યોજના ધરાવે છે.

નેત્રદીપ આઇ હોસ્પિટલની વર્તમાન તમામ હોસ્પિટલ્સ આધુનિક ટેક્નોલોજી અને વ્યાપક ડાયગ્નોસ્ટિક સુવિધાઓથી સજ્જ છે. ડો. સાપોવાડિયા અને તેમની આઠ ડોક્ટર્સની ટીમ આ સેન્ટર્સમાં દૈનિક ૨૦૦ દર્દીઓને સેવા આપે છે. આ સેવાઓમાં અદ્યતન મોતિયાની સર્જરી, રોબોટિક મોતિયાની સર્જરી, લેસિક લેઝર, સ્માઇલ રિફ્રેક્ટિવ સર્જરી, કોન્ટોરા વિઝન ટ્રોટમેન્ટ, ડાયાબિટક રેટિનાની સારવાર, ગ્લુકોમા, કોર્નિયા, પિડિયાટ્રિક આઇ કેર વગેરે સામેલ છે.

# 'સસ્તી વીજળી'ની માંગ સાથે 'આપ'ની પદયાત્રા

## મંજૂરી પહેલા આંદોલન કરતા આમઆદમી પાર્ટીનાં કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં મોંઘી વિજળી નો વિરોધ કરીને અન્ય રાજયની જેમ ૨૦૦ યુનિટ સુધી વીજળી માફી માટે પદયાત્રા તથા મશાલ રેલી કાઢવામાં આવી રહી છે.

જે અંતર્ગત રાજકોટમાં શહેર પ્રમુખ ચેતનભાઈ કમાણી, લોક સભા પ્રભારી રાહુલભાઈ ભુવા, કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા, વિધાનસભા મંત્રી મુન્નાભાઈ ગઢવી,હાર્દિકભાઈ રાબડીયા, જયદિપભાઈ નિમ્બાર્ક સહિત વિવિધ વોર્ડનાં પ્રમુખો તેમજ મહિલા પૂર્વ ઉપપ્રમુખ ખેરૂનબેન ભુવડ સહિતના બહોળી સંખ્યામાં કાર્યકાર્તાઓ દ્વારા સંત કબીર રોડ, ઠાકર ચોક, જય જવાન મેઈન રોડ, પદ યાત્રા કાઢવામાં આવી હતી. આ પદયાત્રા માટે આમ આદમી પાર્ટી રાજકોટ શહેર દ્વારા પદયાત્રાની મંજુરી માંગવામાં આવી હતી, પરંતુ ક્રિકેટ મેચને હિસાબે મંજુરી મળવામાં વિલંબ થવાથી તમામ કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

# રાજકોટ એરપોર્ટ ખાતે કેન્દ્રીય મંત્રી પુરૂષોતમ રૂપાલાનું સ્વાગત કરતા ભાજપ અગ્રણીઓ



રાજકોટઃ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાજી વિવિધ કાર્યક્રમ અંતર્ગત સૌરાષ્ટ્રના પ્રવાસે પધારેલ ત્યારે રાજકોટ એરપોર્ટ ખાતે ટુંકુ રોકાણ કરેલ હતું. આ તકે શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ સહિતના ભાજપ અગ્રણીઓ દ્વારા એરપોર્ટ ખાતે પુરૂષોતમભાઈ રૂપાલાનું પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. (૧.૯)

## મોઢ વણિક વિદ્યાર્થી ભવન સંસ્થા રાજકોટ ખાતે

# વણિક જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૮

શેઠ વાઘજી લક્ષ્મીદાસ તથા શેઠ ગોવિંદજી જેઠાભાઈ મોઢ વણિક વિદ્યાર્થી ભવન, સંસ્થા રાજકોટ ખાતે મોઢ વણિક જ્ઞાતિના વિદ્યાર્થીઓ ઉપરાંત ધોરણ ૧૧ કે તેથી ઉચ્ચ અભ્યાસ કરતા અન્ય વણિક, વૈષ્ણવ જ્ઞાતિ, જૈન વણીક સોરઠીયા વણિક, કપોળ વણિક, ખડાયતા વણિક સહિત તમામ વણિક એટલે કે (નવનાત)ના વિદ્યાર્થી ભાઇઓને પ્રવેશ આપવાનું નક્કી કરેલ છે. પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થી -વાલીઓએ ગૃહપતિ જશવંતભાઈ મહેતા મો. ૯૮૨૪૮ ૯૨૩૪૨, મોઢ વણિક વિદ્યાર્થી ભુવન, રાજપૂત પરા, નંબર પાંચ, રાજકોટ ખાતે સંપર્ક કરવા યાદીમાં અનુરોધ કર્યો છે. મેનેજમેન્ટ દ્વારા તમામ વણિક નવનાતને પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવતા સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતના વણિક વિદ્યાર્થીઓને રાજકોટ ખાતે અભ્યાસ માટે આ હોસ્ટેલ ઉપયોગી બનશે. તેમ જણાવ્યું છે.(૧૩)

# વોર્ડ નં.૧૦માં પંચાયત નગર શેરી નં.૩માં બે દિવસથી પાણી વિતરણ બંધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

શહેર કોંગ્રેસના યુવા નેતા તુષિત પાણેરીએ જણાવ્યું છે કે, મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૦માં યુનિ. રોડ પર આવેલ પંચાયતનગર શેરી નં.૩માં ગઈકાલે અને આજે એમ બે દિવસથી પાણી આવ્યું નથી. આશરે ૧૫ દિવસ પહેલા પણ આજ રીતે તંત્ર દ્વારા કોઈ જાણ કર્યા વગર બે દિવસ વિસ્તારમાં પાણી વિતરણ કર્યું ન હતું. લોકો ૮૪૦ રૂપિયા પાણી ભરે છે કેમ સમયસર અને પુરતું પાણી નથી મળી રહ્યું?? તેમ જણાવ્યું છે.

# રવિવારે શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે ચાતુર્માસનું આયોજન


## સંઘાણી સંપ્રદાયના ૬-૬ પૂ. મહાસતીજીઓનો પ્રથમવાર ચાતુર્માસ પ્રવેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

ગોંડલ સંઘાણી સંપ્રદાયના શાસન દિપક પૂ. બા.બ્ર. નરેન્દ્રમુનિ મ.સા. ના આજ્ઞાનુવર્તિ સાધક બેલડી પૂ. બા.બ્ર. જય-વિજયબાઈ મહાસતીજી ના કૃપાપાત્ર સુશિષ્યાઓ શ્રુતનિધિ પૂ.બા.બ્ર. સાધનાબાઈ મ, સરળ સ્વભાવી પૂ.બા.બ્ર. ચંદનબાઈ મ, સંઘવત્સલા પૂ.બા.બ્ર. વર્ષાબાઈ મ, ભદ્ર પરિણામી પૂ.બા.બ્ર. આરતીબાઈ મ, સ્વાધ્યાયપ્રેમી પૂ.બા.બ્ર. ખ્યાતીબાઈ મ, મધુરકંઠી પૂ.બા.બ્ર. હિનાબાઈ મ આદી ઠાણા-૬ નું ભવ્યાતિભવ્ય ચાતુર્માસ શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે તા. ૧૯ને રવિવારના રોજ સવારે ૮:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. માંગલિક અને સ્વાગત સવારે ૯ થી ૯:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. મંગલ ચાતુર્માસ બેનાણી પરિવારના નિવાસ સ્થાન એ/૩૦૧, એટલાન્ટીસ, પહેલા માળે, તપસમ્રાટ ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, ખાતેથી પ્રારંભ થશે અને શેઠ ઉપાશ્રય જૈન સંઘ પ્રસંગ હોલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, ખાતે સંપન્ન થશે.

શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘ - સેવા સમિતિના સભ્યો થનગની રહયા છે અને ગિરી ગુરૂ ગરિમા ગૃપ, વિજયાબા મંડળ વિ. ખૂબ જ સંકલન કરી ચાતુર્માસ ભવ્યાતિભવ્ય થાય તેવી વ્યવસ્થા ગોઠવી રહ્યા છે. આ પ્રસંગે અંજલીબેન રૂપાણી, ડે.મેયર ડો. દર્શિતાબેન શાહની શુભેચ્છાઓ મળેલ છે. રાજકોટ સંઘોના પ્રમુખો, હોદેદારો તથા જૈન ભાઈઓ-બહેનો પ્રસંગ દિપાવવા માટે પધારવાના છે. ચાર મહિનાની સાધર્મિક ભકિતનો લાભ જાણીતા દાતા બેનાણી પરિવાર માતા રમીલાબેન હરકીશનભાઈ બેનાણી હ. ધારા જીતેન્દ્રભાઈ બેનાણી એ લીધેલો છે.(૧૩)



# દુબઈમાં પુસ્તક આકારની લાઈબ્રેરી, અહીં ૧૧ લાખ પુસ્તકોનો સંગ્રહ

દુબઈમાં મધ્યપૂર્વ એશિયાની સૌથી મોટી રાશિદ લાઈબ્રેરી ગુરુવારે જાહેર જનતા માટે ખુલ્લી મુકાઈ હતી. આ લાઈબ્રેરીમાં ૧૧ લાખ પુસ્તકોનો ભંડાર છે. સાથે જ અહીં ૬૦ લાખ નિબંધ, ૭૩ હજાર મ્યુઝિક નોટ્સ, ૭૫ હજાર વીડિયો, ૫ હજાર પાંડુલિપિઓ અને ન્યૂઝ પેપર્સની ૩૫ હજાર કોપીઓ રખાઈ છે. સાથે જ ૩૨૫ વર્ષ જૂનાં પુસ્તકો પણ અહીં રખાયાં છે. લાઇબ્રેરીમાં ડિજિટલ બુક્સનું પણ કલેક્શન છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને પણ લાઈબ્રેરીમાં સામેલ કરાયું છે. રોબોટિક ગાઈડની મદદથી વિઝિટર્સ તેમની પસંદગીનું પુસ્તક લઈ શકે છે. એઆઈ કિયોસ્ક પણ લગાવાયાં છે. સૌથી ખાસ વાત એ છે કે બુક શેલ્ફ ઓટોમેટિક બનાવાયાં છે. વિઝિટર બટનના માધ્યમથી શેલ્ફમાં ઉપર રખાયેલાં પુસ્તકને નીચેવાળા શેલ્ફમાં લાવી શકે છે.




PACKAGINGHUB

प्रोडकट आपका,
सजावट हमारी ।

Hitesh Kakadia | 93777 75636

6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003

www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

## તંત્રી સ્થાનેથી...

### 'શ્રમ નિકેતન યોજના'

ગુજરાત સરકારે રાજયની ઔદ્યોગિક વસાહતોમાં રોજગારી મેળવતા શ્રમયોગીઓ અને તેમના આશ્રિતો માટે એક અભિનવ પહેલ કરી છે. રાજ્ય સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સંચાલિત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમ નિકેતન યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે ઔદ્યોગિક વસાહતોમાં ૧૫ હજારથી વધુ શ્રમિકો કાર્યરત હોય તેવી ઔદ્યોગિક વસાહતોમાં શ્રમયોગીઓને રહેવા માટે આવા શ્રમ નિકેતન ઉભા કરવામાં આવશે. દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં મોટાપાયે કાર્યરત ઉદ્યોગોમાં રોજગારી માટે આવતા અન્ય રાજ્યોના શ્રમયોગીઓ સહિતના શ્રમયોગીઓને આવી શ્રમ નીકેતન હોસ્ટેલ આવાસની સુવિધા પૂરી પાડશે. સાણંદ ખાતે ઔદ્યોગિક મજૂરો માટે પ્રથમ શ્રમ નિકેતન છાત્રાલય બનાવવામાં આવશે. આ હોસ્ટેલ રાજ્ય સરકારની શ્રમ નિકેતન યોજના હેઠળ બનાવવામાં આવશે. આ યોજના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર આર્ટમેન્ટ હેઠળ આવે છે. આ સાત માળની ઇમારતમાં ૪,૧૩૮ ચોરસ મીટર વિસ્તારમાં શ્રમયોગી હોસ્ટેલ બનાવવામાં આવશે. તેમાં મલ્ટીપર્પઝ હોલ, ડાઇનિંગ હોલહશે. તે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે તૈયાર થશે. આ પ્રોજેક્ટ જાહેર - ખાનગી - ભાગીદારી મોડમાં ૨૮ મહિનામાં પૂર્ણ થશે. હોસ્ટેલમાં ૧,૦૦૦ થી વધુ મજૂરોને સમાવવાની ક્ષમતા હશે. તેમાં ચાર, આઠ, બાર અને ચોવીસ વ્યક્તિઓ માટે સિંગલ ઓક્યુપન્સી, ડબલ ઓક્યુપન્સી રૂમ હશે.

ગુજરાત સરકારની શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, મલ્ટીપરપઝ હોલ, ડાઇનીંગ હોલ જેવી અદ્યતન સુવિધા ધરાવતી આ હોસ્ટેલ શ્રમનિકેતન અંદાજે ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે પીપીપી ધોરણે ૨૮ મહિનામાં પૂર્ણ કરાશે. સાણંદ જીઆઇડીસી ઇન્ડસ્ટ્રીયલ એસોસિયેશનના સહયોગથી નિર્માણ થનારી આ હોસ્ટેલમાં અંદાજે ૧૦૦૦ ઉપરાંત શ્રમયોગીઓ રહિ શકે તેવી વ્યવસ્થા કરાશે. એટલું જ નહિ, સિંગલ ઓક્યુપન્સી, ડબલ ઓક્યુપન્સી તથા ૪, ૮, ૧૨ અને ૨૪ વ્યક્તિઓ રહિ શકે તેવા રૂમ બનાવાશે. શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ, લેબર કમિશનર ઉપસ્થિત રહ્યા હતા ગુજરાત રાજ્યની સંવેદનશીલ સરકાર દ્વારા સંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા શ્રમિકોને કામના સ્થળની નજીકમાં જ રહેવા તેમજ જમવાની સુવિધાઓ મળી રહે તેવી ઉમદા લાગણી સાથે એક સુંદર યોજના જેનું નામ 'શ્રમ નિકેતન' છે તેની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના હેઠળ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ ઈન્ડસ્ટ્રીઅલ એસોસિયેશન વચ્ચે ૧૦૦૦થી વધુ શ્રમિકો રહી શકે તેવી હોસ્ટેલ બનાવવા માટેના હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

# રાજકોટમાં સુરતના એસ્ટેટ બ્રોકર સાથે ૧૩ લાખની ઠગાઈ

**ફરિયાદી કાર ખરીદવા રૂ.૧૩ લાખ આંગણિયામાં મંગાવ્યા જે સ્કુટરની ડેકીમાં રાખ્યા હોય આરોપીઓ નજર ચૂકવી જયુપીટર લઈ છનન : માલવીયાનગર પોલીસે ગુન્હો નોંધી આરોપીની શોધખોળ આદરી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

સુરતના જમીન મકાન લે વેચનો ધંધો કરતા બ્રોકરને સેકન્ડ કાર બતાવી રૂ.૧૩ લાખની રોકડ લઈ રાજકોટના બે શખ્સ ફરાર થઇ ગયાના આક્ષેપ સાથેની ફરિયાદ માલવીયા નગર પોલીસ મથકે નોંધાતા પોલીસે આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

સુરતના કામરેજ ચાર રસ્તા પાસે નવાગામમાં આવેલા ભવાની કોમ્પલેક્ષમાં રહેતા અને જમીન-મકાન લે-વેચનો ધંધો કરતા ફરિયાદી હસમુખભાઇ ત્રિભોવનદાસ ઠક્કર (લોહાણા) (ઉ.વ. ૫૦)એ ફરિયાદમાં જણાવ્યું કે, પંદરેક દિવસ પહેલા હું સુરત રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ કોદાર આર્કેડ ખાતે બેસવા ગયેલો ત્યાં મારા ઓળખીતા જીજ્ઞેશભાઇ ભેગા થયા હતા. તેની સાથે ઇમરાનભાઇ ડેલા હતો. તે રાજકોટમાં જૂની ફોરવ્હીલ ગાડી લે-વેચનુ કામ કરતા હોવાનું જણાવ્યું હતું. મારે ફોર વ્હીલ ગાડી સેકન્ડમાં લેવાની છે.

તેવી વાત કરતા ઇમરાને રાજકોટ આવો ત્યારે મને ફોન કરો તેમ કહી તેના મોબાઈલ નંબર આપ્યા હતા. ગઈકાલે તા.૧૭ના રોજ હું તેમજ મારા મિત્ર નરેશભાઈ ઉર્ફે નવીનભાઇ ચાવડા તથા હિતેલભાઇ સવાણી સુરતથી રાજકોટ આવી ઇમરાનભાઇને ફોન કરતા તેમણે ગોંડલ ચોકડીએ આવવાનું કહ્યું. ત્યાં ઇમરાભાઈ સાથે તેના અસ્લમ ડેલા હતો. જેની ઇમરાને પોતાના મોટાબાપુના દિકરા તરીકે આપી હતી. ત્યાંથી તેઓ અમને મવડી ચોકડી, ૧૫૦ ફુટ રિંગ રોડ પર આવેલ ભોલેનાથ મોટર્સ ખાતે લઈ ગયા હતા. બન્ને આરોપી જયુપીટર સ્કુટરમાં આવ્યા હતા.

ડેલામાં હ્યુનડાઇ કંપનીની વર્ના કાર બતાવી મારા મિત્ર નરેશભાઈ ઉર્ફે નવીનભાઇ ચાવડા તથા હિતેલભાઇ સવાણીને ઇમરાનભાઇ ડેલાનો ભાઈ અસ્લમ ડેલા નજીકમાં આવેલ બીજા ડેલામાં બીજે ગાડીઓ જોવા માટે ગયેલ જયાં નરેશભાઈ ઉર્ફે નવીનભાઇને પણ વર્ના ગાડી પસંદ આવેલ આથી બન્ને ગાડીઓના ભાવતાલ ભોલેનાથ મોટર્સ નામના ડેલામાં નક્કી કરેલ જેમાં બન્ને ગાડીની કિંમત રૂ.૧૬,૦૦,૦૦૦ નક્કી કરવામાં આવી, જેથી મેં સુરત રહેતા મારા મિત્ર વિક્રમભાઇ પટેલને ફોન આંગડીયા દ્વારા રૂ.૧૩,૦૦,૦૦૦ લાખ મંગાવ્યા, સાંઈનાથ આંગણિયાની સોનીબજારમાં આવેલ ઓફિસે જવા નીકળ્યા ત્યારે ઇમરાનભાઇએ મને કહેલ કે, તમારી ફોર વ્હીલ ગાડી ત્યાં નહી જાય કારણ કે ત્યાં શેરીઓ સાંકડી છે અને ખુબ જ ટ્રાફીક રહે છે. જેથી મારૂ સ્કૂટર લઇને પેમેન્ટ લેતા આવીએ આથી હું તેમજ ઇમરાનભાઇ ડેલા જયુપીટર ઉપર આંગડીયા પેઢીમાં પેમેન્ટ લેવા માટે ગયા. રૂ.૧૩,૦૦,૦૦૦નું પેમેન્ટ લઇને તે રકમ મેં ઇમરાનભાઇના જયુપીટરની ડેકીમાં રાખી હતી. અમો બન્ને પરત આવતા હતા ઇમરાને કહ્યું કે, પસંદ કરેલ બન્ને ગાડી અહી મંગાવી આપું છું તમારે તમારા બીજા કોઈ સબંધી અહી રહેતા હોય તેમને બતાવી જુઓ તેમ વાત કરતા મેં મારા સંબંધી વિનોદભાઇ ઠક્કરને ફોન કરીને બોલાવેલ હતા

જેથી ચારેક વાગ્યાની આસપાસ ઇમ્પિરીયલ હાઇટસ બિલ્ડીંગ ખાતે આવી ગયેલ. અસ્લમભાઈ કાર લઈ આવ્યો અને કારમાંથી ઉતરી ફોન ઉપર વાતચીત કરતા - કરતા થોડે આગળ ચાલીને ગયો હતો. અને ઈમરાનભાઈ ડેલા એ અમને જણાવેલ કે હું ગાડી ઈમ્પીરીયલ હાઈટસના પાર્કીંગમાં પાર્ક કરાવી આવું તેમ કહી ત્યાંથી ચાલીને આગળ ગયેલ. અને ત્યાં ગાડી પાર્ક કરાવતા હતા અને હું તથા વિનોદભાઈ વાતચીત કરતા હતા

ઘણો સમય થયો છતાં ઇમરાન કે અસ્લમ જોવા ન મળતા હું ગયો ત્યારે મને જાણ થઈ કે બન્ને જયુપીટર લઈ નીકળી ગયા હતા. આ જયુપીટરની ડીકીમાં ૧૩ લાખ રૂપિયા રાખ્યા હતા. ફરિયાદના આધારે માલવીયા નગર પોલીસના પીઆઇ કે.એન. ભુકણ અને પીએસઆઈ એમ.એસ. મહેશ્વરી સહિતના પોલીસ સ્ટાફે બન્ને આરોપી અને તપાસમાં ખુલે તે શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# માવતરેથી કાંઈ ખજાનો લઈને આવી નથી, પરીણીતાને ત્રાસ

**કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાસે બનાવઃ મહિલા પોલીસ મથકમાં પતિ, સસરા, સાસુ અને નણંદ સામે નોંધાતો ગુનો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૮

શહેરના કાંતા વિકાસગૃહ રોડ પર શશી કોમ્પલેક્ષની અને કેવડાવાડીમાં આવકાર એપાર્ટમેન્ટમાં માવતરના ઘરે રહેતી જાનવીબેન ઋષભભાઈ દોષી (ઉ.વ.૨૪)નામની પરિણીતાને પતિ ઋષભ તથા સસરા સસરા શરદચંદ્ર સૌભાગ્યચંદ્ર દોષી, સાસુ હીનાબેન અને નણંદ હીરલબેન મહેન્દ્રભાઈ પટેલએ મારકૂટ કરી ત્રાસ આપી ઘરેથી કાઢી મુક્યાની મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદમાં જણાવ્યું હતું કે તેને ઋષભ સાથે પ્રેમ સંબંધ હોય કોલેજ પૂરી કર્યા બાદ ડીસે. ૨૦૨૧માં તેના લગ્ન થયા હતા. દરમ્યાન લગ્નના ત્રણ દિવસ બાદ નાની નાની વાતોમાં પતિ સહિતનાઓ ત્રાસ આપતા હોય સવારે નાસ્તો કરતી હોય ત્યારે સાસુ હાથમાંથી નાસ્તો લઈ તારા માવતરેથી એક્ટીવા લઈ આવ તેમ કહેતા અને દરવાજો ખુલ્લો રાખવાનું જ કહેતા હોય તથા તારી પત્ની માવતરેથી કંઈ ખજાનો લઈને નથી આવી તેમ સાસુ પતીને કહેતા અને આ અમારૂ ઘર છે અમે ગમે તે કરીએ. સંક્રાંતના તહેવાર દરમ્યાન તેના માવતરના ઘરે જવું હોય પતિને કહેતા કહેલ કે તહેવાર કરવા હોય તો કાયમી માટે તારા મમ્મીને ઘરે ચાલી જા. તે ઉપરાંત સસરા અને નણંદ અવાર નવાર ઝગડો કરી ત્રાસ આપતા હોય ૧ માર્ચ ૨૦૨૨ના રોજ બજારમાં વસ્તુ લેવા ગઈ તે અંગે પતિ સહિતનાઓએ ઝગડો કરી કાઢી મુક્યાનું જણાવતા એએસઆઈ જી.એસ. શીન્દે એ સાસરીયાઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# ભાવનગરના સાસરીયા સામે ઘરકામ, કરિયાવર બાબતે મેણાટોણા મારતા હોવાની ફરિયાદ

**બીજા લગ્ન કરવાની મારામાં ત્રેવડ છે કહી પરિણીતાને ત્રાસ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮

શહેરના રેલનગર દેવતીર્થ પાર્કમાં માવતરે રહેતા ભુમીબા ગોહિલ (ઉ.૨૭)એ ભાવનગર રહેતા પતિ જયપાલસિહ, સસરા સહદેવસિહ કિશોરસિહ, સાસુ અનસોયાબા, દિયર મહિપાલસિંહ, દેરાણી જલ્પાબા, મામાજી અરવિંદસિહ બનુભા સરવૈયા અને મામીજી વર્ષાબા સામે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તેના લગ્ન ૮ વર્ષ પૂર્વે થયા હતા ૨૦૧૮માં પુત્રનો જન્મ થયા બાદ સાસરે જતા પતિ મારકૂટ કરતો અને દીકરાને પણ ન બોલાવતો કોરોનામાં પતિ ઘરે ન આવતો અને મેરીટો હોટલ ચલાવતા ત્યાં જ દારૂ હોય ત્યાં દારૂ પીને ત્રણ માસ રોકાયેલ સસરા દારૂ પી ગાળો આપતા સાસુ નાની નાની બાબતમાં મેણાટોણા મારતા અને તું પાછળની ઓરડીમાં જતી રહે અમારે તમારા રૂમમાં રહેવું છે તમે હવે જુના થઇ ગયા છો કહી હેરાન કરતા મામાજી હોટલનો ધંધો છે પોષાય તો રહો કહ્યું હતું તેમજ મામીજી સાસુને ફોન કરી કરિયાવર બાબતે ચડામણી કરતા ૨૦૨૧માં મારા પિતાને ફોન કરતા મને તેડી ગયા હતા બાદ સમાધાન માટે જતા પતિએ મારે આજેય નથી જોઈતી અને કાલે નથી



જોઈતી, કરોડ રૂપિયા દેવાની મારામાં ત્રેવડ છે, બીજા લગ્ન કરી લઈશ કહી નીકળી ગયા બાદ તેડવા ન આવતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

## ગૃહકંકાસથી કંટાળી ફર્નીચરના ધંધાર્થીએ એસીડ ગટગટાવી જીવન ટૂંકાવ્યું

**પત્ની અને માતાના ઝઘડાથી કંટાળી અંતિમ પગલું ભરી લેતા સારવારમાં દમ તોડ્યો : પરીવારમાં શોક**

રાજકોટ,તા. ૧૮ :

૮૦ ફુટ રોડ પરની સુરભી પોસીબલ બિલ્ડીંગના ગ્રાઉન્ડમાં ફર્નીચરના ધંધાર્થી દિવ્યેશ જેઠવાએ ગૃહ કંકાસથી કંટાળી એસીડ ગટગટાવી આપઘાત કરી લેતાં અરેરાટી મચી ગઇ છે. બનાવની વિગત મુજબ વાવડીના આંગનપાર્ક સીટીમાં રહેતા દિવ્યેશભાઈ મનસુખભાઈ જેઠવા (ઉ.વ.૩૨) ગત રોજ સવારે ૧૦-૪૫ વાગ્યે ૮૦ ફૂટ રોડ પર આવેલ સુરભી પોલીબલ બિલ્ડીંગના ગ્રાઉન્ડમાં એસીડ ગટગટાવી લેતા બેભાન થઇ ઢળી પડ્યા હતા. જ્યાં માણસો એકઠા થઇ જતાં તાત્કાલીક સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ચુકે દમ તોડ્યો હતો. બનાવ અંગેની જાણ થતા તાલુકા પોલીસનો સ્ટાફ સિવિલ હોસ્પિટલે દોડી ગયો હતો અને કાગળો કરી આપઘાતનું કારણ જાણવા પરીવારની પુછપરછ હાથ ધરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે મૃતક ફર્નીચરનું કામ કરતો હતો અને તેમના લગ્ન દોઢ વર્ષ પહેલા વિધીબેન નામની યુવતી સાથે થયા હતા જે બાદ તેની માતા અને પત્નીના ઝઘડાથી કંટાળીને અંતિમ પગલું ભર્યાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું હતું.

# રાજકોટ ક્રાઈમ

### નશાખોર શખ્સોને ટપારતા પતિ પર કુહાડીથી હુમલો

કુતીયાણાના દોઢુકા ગામે વાડીએ પતિને ટીફીન દેવા જતી ચાંદનીબેનને દારુના નશામાં ધુત ત્રણ શખ્સોને છેડતી કરવાનો પ્રયાસ કરતાં વચ્ચે પડેલા તેના પતિ પર કુહાડીથી હુમલો કરતાં ઇજાગ્રસ્તને સારવારમાં રાજકોટ સિવિલે ખસેડાયા હતા. બનાવની વિગત મુજબ કુતીયાણાના દોઢુકા ગામે રહેતા રાજુભાઈ કાલીદાસ મેસવાણીયા (ઉ.વ.૩૫) ગત રાત્રે પોતાની વાડીએ હતા ત્યારે તેમના પત્ની ચાંદનીબેન તેમને ટીફીન આપવા માટે વાડીએ જતા હતા ત્યારે રસ્તામાં દારુના નશામાં ધુત નરશી, ગોપાલ અને અન્ય નામના શખ્સોએ તેમની છેડતી કરતા હતા. જેમની જાણ થતા તેમના પતિ રાજુભાઈ દોડી આવ્યા હતા. અને ત્રણેય શખ્સોને ટપારતા ઉશ્કેરાયેલા નશામાં ધુત શખ્સોએ ઝઘડો કરી કુહાડીના ઘા ઝીંકી દીધા હતા. જેમાં માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતા પ્રથમ પોરબંદર અને વધુ સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતાંબનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કુતીયાણા પોલીસને જાણ કરી હતી.

### વાહનો સાઇડમાં રાખવાનું કહેતાં હીચકારો હુમલો

મોરબી રોડ પર અર્પિત કોલેજ નજીક રાધેશ્યામ રેસિડેન્સી બી-૭માં રહેતાં અને કોમ્પ્યુટર રિપેરીંગનું કામ કરતાં ભાવેશભાઇ મનહરલાલ ટાંક (કડીયા) (ઉ.૪૫) પર રાત્રે નવેક વાગ્યે ઘર પાસે પથ્થર અને છરીથી હુમલો થતાં માથામાં ગંભીર ઇજા થતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂએ કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. ભાવેશભાઇએ પોલીસ ચોકીના સ્ટાફની પ્રાથમિક પુછતાછમાં પોતાના પર પડોશી અલ્પેશભાઇ દવે, હિતેષભાઇ અને અજાણ્યાએ છરી, પથ્થરથી હુમલો કર્યાનું જણાવ્યું હતું. તેણે વધુમાં કહ્યું હતુ કે પડોશી દ્વારા મને ઘણા સમયથી હેરાન કરવામાં આવે છે. ગત રાતે તેમની ઘરે કોઇ કાર લઇને આવ્યું હોઇ કાર રસ્તાની વચ્ચે હલન ચલનને નડતરરૂપ પાર્ક કરવામાં આવી હતી અને રિક્ષા પણ એવી રીતે પાર્ક કરી હતી જેથી રસ્તો બંધ થઇ ગયો હતો. મેં તેમને વાહનો સાઇડમાં લેવાનું કહેતાં ઉશ્કેરાઇ ગયા હતાં અને મારા પર હુમલો કર્યો હતો. કુવાડવા પોલીસે ભાવેશભાઇની ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી.

### એસ.ટી.બસમાં શખ્સે પથ્થર મારી કાચ તોડી નાખ્યો

રાજકોટ : મૂળ મોરબીના હાલ ધ્રોલ રહેતા અને એસટીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા નટવરભાઈ નરશીભાઈ પડાયા (ઉ.૪૫) ગત રાત્રે ધ્રોલ મંડોર રૂટની બસ લઈને જતા હતા દરમ્યાન કુવાડવા જીઆઈડીસી પાસે પહોચ્યા ત્યારે જી જે ૦૩ જે કે ૮૧૦૮ નંબરના એકટીવા ચાલકે કાવો મારી, બસ આગળ વાહન ઉભી રાખી આમ બસ ચલાવાય તેમ કહી ગાળો ભાંડી કાચમાં પથ્થર મારી કાચ ફોડી નાખ્યો હતો અને ભાગી જતા એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવતા એએસઆઈ યોગેન્દ્ર ચૌહાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### બાઈક સ્લીપ થતા શ્રમિકનું મોત

રાજકોટ : મૂળ બિહારનો અને હાલ મહિકા રોડ પર માધવ વાટિકામાં રહેતો મિતેશ રાજેન્દ્રકુમાર ગુપ્તા (ઉ.૨૫) રાત્રે બાઈક લઇ વાવડી કારખાને જતો હતો ત્યારે ખોખડદળ પુલ પાસે બાઈક સ્લીપ થતા ગંભીર ઈજા પહોચતા સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો અહીં સારવાર દરમ્યાન મોત થતા આજી ડેમ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં મૃતક ૩ ભાઈમાં મોટો અને અપરણીત હોવાનું જાણવા મળ્યું છે.

### શ્રમિક યુવાનનો આપઘાત

રાજકોટ : શહેરના કોઠારિયા ગામ પાસે ઝુપડામાં રહેતો અને મૂળ એમપીના જાંબુવા ગામનો કમલેશ આલજીભાઈ બીલવાડ (ઉ.૨૦) નામના યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા આજી ડેમ પોલીસ મથકના જમાદાર મહેન્દ્રભાઈએ તપાસ કરતા કમલેશ કડીયાકામની છૂટક મજુરી હોય છેલ્લા કેટલાક સમયથી કામ મળતું ન હોય આર્થિક ભીસથી કંટાળી આ પગલું ભર્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

## ગોંડલ સિટી પોલીસ માં ફરજ બજાવતા જયદીપસિંહ ચૌહાણે

# જુગારનો ખોટો કેસ કરી રોકડ રકમ જપ્ત કરી રેકર્ડ ઉપર ક્યાંય નહીં બતાવવા પાછળનું કારણ શું??

**અરજદાર મયુરસિંહ જાડેજાએ ઉચ્ચ અધિકારીઓને અરજી કરી હકીકત જણાવીઃ જવાબદારો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૮

ગોંડલ સિટી પોલીસમાં ફરજ બજાવતા જયદીપસિંહ ચૌહાણે રૂ,૧.૧૮૦૦૦ ખીસ્સામાંથી બળજબરી પૂર્વક કાઢી લઈ જુગારનો ખોટો કેસ કરી રૂ,૧.૧૮૦૦૦ મુદ્દામાલમાં જમા કરાવી તે રૂપિયા કોર્ટમાંથી છોડાવી લેવાનું કહી તે રકમ રેકર્ડ ઉપર ક્યાંય નહીં બતાવી પોલીસે ગુન્હાહીત કૃત્ય કરેલ હોવાના આક્ષેપો સાથે મયુરસિંહ દિલુભા જાડેજાએ ગૃહ રાજ્ય મંત્રી, તથા કેન્દ્રીય ગૃહમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ જવાબદારો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે મોકલી છે. અરજદારે આક્ષેપો કરતા અરજીમાં જણાવ્યું છે કે, તા.૧૨/૦૬/૨૦૨૨ના રોજ મારી ડ્યુટી ઉપર હતો તે દરમ્યાન હું મારી નોકરી ઉપર હતો ત્યારે મને મારા મીત્ર રોહિતભાઇનો ફોન આવેલ અને કહેલ કે, તમે કર્યાં છો તો મેં કહેલ કે, હું ગોંડલ ગુંદાળા ચોકડી પાસે છું તો મને રોહિતભાઈ કહેલ કે, તમે અંહીયા એટલે કે, હિતેન્દ્રસિંહ તખતસિંહ જાડેજાના સૌમનાથ સોસાયટીના મકાને આવો તેમ કહેતા હું ત્યાં પહોંચેલો અને ત્યાં રોહિતભાઈ તથા બીજા માણસો હાજર હતા અને અમો બેઠા હતા અને કાંઈ વાત કરીએ ત્યાંજ ગોંડલ પોલીસના માણસો આવી ગયેલ અને બધાને જેમના તેમ બેસી રહેવા કહેલ અને બધા બેઠેલ માણસોને જુગારના આક્ષેપસર અટક કરેલા અને પોલીસ કર્મચારી જયદીપસિંહ ચૌહાણે મારા ખીસ્સા ફંફોળીને મારા ખીસ્સામાંથી રૂા. ૧,૧૮,૦૦૦એકે રૂપીયા એક લાખ અઢાર હજાર પુરા બળજબરી પૂર્વક કાઢી લીધેલા અને જુગારના કેસમાં ફીટ કરી દીધેલા અને ત્યારબાદ અમોને પો.સ્ટે. માંથી જામીન મુકત કરવા માટે અમારી પાસેથી રૂા. ૧૫૦૦૦ પડાવેલા જેરૂા.૧૫૦૦૦ હિતુભા જાડેજા ગુંદાળાવાળા જે મારા જામીન પડેલ છે તેણે આપેલ હતા અને તેનો અમોએ વિરોધ કરતા અને કાયદેસરની કાર્યવાહી કરવાની વાત કરતા રૂ. ૧૫૦૦૦ અમોને પરત કરેલી અને રૂ.૧,૧૮૦૦૦ માંગતા હું. જુગારના કેસમાં જમા કરાવી દઈશ અને તમે કોર્ટમાં છોડાવી લેજો તેમ કહી મને જુગારના કેસમાં મારા રૂપીયા ખોટા બતાવવાનું કહેલ હોય અને મને પણ જુગારના ખોટા ગુનામાં સંડોવી દીધેલ હોય અને રૂા. ૧,૧૮,૦૦૦ એકે રૂપીયા એક લાખ અઢાર હજાર પુરા અમોએ તપાસ કરતા તે રકમ રેકર્ડ ઉપર કયાંય બતાવેલ નથી તેવું અમોને ફરીયાદ ઉપરથી જાણવા મળેલ છે.

આમ ઉપરની રીતે પોલીસે અમોને ગોંડલ સીટી પો. સ્ટે. ગુ.ર.ન ૧૧૨૧૩૦૧૫૨૨૦૭૧૫/૨૦૨૨ જુગારના કેસમાં ના ખોટી રીતે ફીટ કરી અમારી ઉપરોકત રકમ રૂમ.૧,૧૮૦૦૦/- બળજબરી પૂર્વક અમારા ખીસ્સામાંથી કાઢી લઈ અને વિશેષ સદરહુ રકમને રેકર્ડ ઉપર નહી બતાવી પોલીસે ગુનાહીત કુત્ય આચરેલ છે. તો આ બાબતે જરૂરી થવા પાત્ર કાનૂની કાર્યવાહી થવા મારી અરજ અને ફરીયાદ છે.

# આ જમીન અમારી છે કહી પટેલ દંપતી પર ચાર શખ્સનો હુમલો

**કોટડાસાંગાણીના પાંચ તલાવડા ગામે ખેડૂતને સેઢા પડોશી જમીન પચાવી લેવા લાકડી અને ધોકાથી તુટી પડયાઃ પોલીસે તપાસ હાથ ધરી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮ :

કોટડાસાંગાણીના પાંચ તલાવડામાં ખેડૂતની જમીન પચાવી પાડવા માટે સેઢા પડોશી ચાર શખ્સોએ દંપતી પર લાકડી અને ધોકાથી હુમલો કર્યો હતો. જે અંગે કોટડા સાંગાણી પોલીસ મથકે ફરીયાદ નોંધાઇ હતી. બનાવ અંગે ફરીયાદી બચુભાઇ ભંડેરી (પટેલ) (રહે. પાંચ તલાવડા, કોટડાસાંગાણી) એ જણાવ્યું હતું કે, મારે ગામની સીમમાં જમીન આવેલી છે. તે જ સર્વે નંબરમાં હકા ભીમા કુકડીયા (રહે. પાંચ તલાવડા) ની જમીન પણ આવેલી છે. મારી જમીન હકાભાઇને કબ્જો જમાવવો હોય જેથી અવાર નવાર અમારી સાથે માથાકુટ કરતો હતો. ગત રોજ હું મારા પત્ની કૈલાસબેન સાથે વાડીએ કામ કરતા હતા ત્યારે ધસી આવેલા હકાભાઇ, તેનો ભાઇ દિલો અને તેનો પુત્ર જગદીશ આ જમીન હવેથી અમારી છે. તમે હવે અંદર પગ મુકતા નહીં અને ચાલ્યા જાવ કહેતા મે કહેલ કે, આ જમીન અમારી છે. તું અહીંથી ચાલ્યો જા તેમ કહેતા ઉશ્કેરાયેલા આરોપીએ લાકડી વડે માર માર્યો હતો. મને બચાવવા વચ્ચે પડેલ મારા પત્નીને પણ માર માર્યો હતો. અને દેવળીયા રહેતો વલ્લભે પણ ગાળો આપી મારમારીને તમામ શખ્સો નાશી છુટયા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી કોટડાસાંગાણી પોલીસ મથકના એએસઆઇ એસએ વાઘેલા એ વધુ તપાસ હાથ ધરી હતી.

# વીજ કરંટ લાગતા બે ખેડૂત યુવકોના મોત

**વાડીએ પાણીના ખાડામાં પિયત માટે ઈલેકટ્રીક મોટર ઉતારતા સમયે બનાવ બન્યો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૧૮

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના વાળાડુંગરા ગામે વીજ શોક લાગતા બે ખેડૂત યુવાનોના મોત નિપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની પ્રાપ્ત વિગત વાળા ડુંગરા ગામે રહેતા વિપુલ ઘનુભાઈ સરવૈયા (ઉ.વ.૨૯) અને રિકીન વિનુભાઈ મકવાણા (ઉ.વ.૩૧) બંન્ને યુવાનો ખેતીકામ કરે છે. ગઈકાલે બપોરે બે વાગ્યા આસપાસ બન્ને યુવાનો વિપુલભાઈની વાડીએ હતા.

જયાં છાપરાવાડી ડેમમાં કાઠે વાડી આવેલી હોય પાકના પિયત માટે પાણીના ખાડામાં ઈલેકટ્રીક મોટર ઉતારતા હતા. વિપુલની વાડી હોય રિકીન કૌટુંબિક ભાઈ હોય તેને મદદ કરવા માટે ગયો હતો. ઈલેકટ્રીક મોટર ઉતરતા સમયે અચાનક વીજ કરંટ લાગતા બંન્ને યુવાનો બેભાન થઈ રહ્યા હતા.આસપાસના લોકોને જાણ થતા ૧૦૮માં ફોન કરતા ૧૦૮ના તબીબે બન્નેને મૃત જાહેર કર્યા હતા. બનાવના પગલે વિરપુર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો. અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે જેતપુર હોસ્પિટલમાં ખસેડયા હતા. બનાવના પગલે બન્ને પરિવારમાં શોક છવાયો હતો. મૃતક વિપુલ અને રિકીનના



પરિવારજનોએ જણાવ્યા મુજબ વાડીએ પાણીની મોટર ઉતારતા સમયે બંન્નેને વીજ શોક લાગ્યો હતો.બન્ને યુવાનોના હજુ ગત વર્ષે જ લગ્ન થયા હતા. બે નવોઢાના સેંથાના સિંદૂર ભુંસાતા પરિવારોમાં કલ્પાંત છવાયો છે


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

## રાજકોટ મનપાની ફૂડ ચકાસણી ઝુંબેશ જોરશોરમાં

# વાસી ડ્રાયફ્રુટ ચેવડો, ચોકલેટ કાજુ-બદામ તથા જેલીનો નાશ કરાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન સાથે માંડા ડુંગર, આજીડેમ ચોકડી, ભાવનગર રોડ વિસ્તારમાં ચકાસણી હાથ ધરવામાં આવેલ. કુલ ૨૦ પેઢીની ચકાસણી કરવામાં આવેલ ચકાસણી દરમિયાન વેંચાણ થતાં દૂધ, ઠંડાપીણાં, મસાલા તથા ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વિગેરેના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ. જય જલારામ ઘૂઘરા, પિતૃકૃપા કોલ્ડ્રિંક્સ, યોગી એન્ટરપ્રાઇઝ, વિક્રમ પ્રોવિઝન સ્ટોર, આદર્શ પાન કોલ્ડ્રિંક્સ, ચોરસિયા સમોસા, માધવ કોલ્ડ્રિંક્સ, તુલસી પાન, સમ્રાટ લાઈવ પફ, દ્વારકાધીશ પ્રોવિઝન સ્ટોર, દ્વારકાધીશ પાન સેન્ટર, દ્વારકાધીશ ટી સ્ટોલ, ગોકુળ ગાંઠિયા, જય ગોપાલ જનરલ સ્ટોર, પિતૃકૃપા જનરલ સ્ટોર, રામનાથ પાન, અરમાન પ્રોવિઝન સ્ટોર, ખોડિયાર પાન, આજી સુપર માર્કેટ, પિતૃ કોલ્ડ્રિંકસની જનરલ ચકાસણી કરવામાં આવેલ.

ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન સાથે મવડી મેઇન રોડ, બાપાસિતારામ ચોક વિસ્તારમાં લાઇસન્સ અંગે અવેરનેસ ડ્રાઈવ તથા ચકાસણી કરવામાં આવેલ. ૨૦ પેઢીની ચકાસણી કરવામાં આવેલ જેમાં ૮ ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

જોગમાયા કોલ્ડ્રિંક્સ, હરભોલે કોલ્ડ્રિંક્સ, મોમાઈ હોટેલ પાન, બાપાસિતારામ દાળ પકવાન, જાનકી પાન એન્ડ ટી સ્ટોલ, જય ખોડિયાર કોલ્ડ્રિંક્સ, જલ્પા કોલ્ડ્રિંક્સ, શ્રી પાન કોલ્ડ્રિંક્સ લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

તથા વરૂડી પાન કોલ્ડ્રિંક્સ, ટુ ડે આઇસક્રીમ, રાજસ્થાન નાસ્તા, મુરલીધર ડેરી ફાર્મ, અનામ ઘૂઘરા, જે.પી. સોડા, રાજમંદિર કોલ્ડ્રિંક્સ, બાલાજી સેન્ડવિચ, શિવ શક્તિ ડેરી ફાર્મ, અલ્કા કોલ્ડ્રિંક્સ, રામ ઓર શ્યામ ગોલાવાલા અને શિવમ પાન કોલ્ડ્રિંકસની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

ફૂડ વિભાગ દ્વારા કરાયેલ ચકાસણીના અનુસંધાને રૈયા રોડ પર આવેલ કિરણ ડ્રાયફ્રૂટ્સ પેઢીની તપાસ દરમિયાન પેઢીમાં સંગ્રહ કરેલ એકસપાયરી થયેલ વાસી ડ્રાયફ્રૂટ ચેવડો- 2.5 kg, ચોકલેટ કાજુ અને ચોકલેટ બદામ-2.5 kg તથા જેલી- 1 kg મળી કુલ ૦૬ સલ જથ્થો નાશ કરવામાં આવેલ તથા યોગ્ય સ્ટોરેજ કરવા બાબતે નોટિસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગ દ્વારા કરાયેલ ચકાસણીના અનુસંધાને જાસલ બિલ્ડીંગ પાછળ, નાણાંવટી ચોક, રાજકોટ મુકામે આવેલ રૂદ્રમ બેકરી ની તપાસ દરમિયાન પેઢીમાં સંગ્રહ કરેલ 3 kg વાસી પફનો જથ્થો નાશ કરવામાં આવેલ.તથા યોગ્ય સ્ટોરેજ કરવા તેમજ હાઇજિનિક કંડિશન જાળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ.








# કોર્ટમાં ખોટું નામ ધારણ કરી જુબાની આપવાના કેસમાં આરોપીના જામીન મંજુર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

કોર્ટમાં ખોટું નામ ધારણ કરી જુબાની આપવાના કેસમાં સેશન્સ અદાલતે આરોપીને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો છે.

આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી ડાયા ભીખા ચીફ કોર્ટ રાજકોટમાં પોતાનું સાચુ નામ છુપાવી પોતે ગણેશ ભીખા નામ ધારણ કરી ખોટા નામે જુબાની આપતા પકડાઈ ગયેલ. ત્યારબાદ આઈપીસી કલમ ૧૯૩, ૧૯૬, ૨૦૫, ૪૧૯ મુજબના ગુનાની ફરીયાદીએ ફરીયાદ કરી તપાસ કરતા અધિકારીએ પોતાની તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું.

ત્યારબાદ એડી.ચીફ કોર્ટે ૧૦ જેટલા સાહેદો તપાસી આરોપીની તરફેણમાં બચાવ માટે કોઈ પુરાવો મળી ન આવતા તકસીરવાન ઠેરાવી ડાયા ભીખાને ૨ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

આરોપીએ ચીફ કોર્ટમાંથી ૩૦ દિવસના જામીન મેળવી જિલ્લા કાનુની સેવા સતામંડળમાં મફત વકીલ સહાય માટે અરજી કરેલી. જે અરજી અન્વયે લીગલ પેનલ એડવોકેટ વિવેક એન. સાતાની નિમણૂંક થતાં એડવોકેટ વિવેક સાતાએ આરોપીની સજાના હુકમ વિરૂધ્ધ સેશન્સ કોર્ટ રાજકોટમાં અપીલ દાખલ કરી હતી. એડવોકેટ વિવેક સાતાએ વચગાળાની અરજીની ધારદાર દલીલ કર્યા બાદ એડી. સેશન્સ કોર્ટે આરોપી ડાયા ભીખાને અપીલ ચાલતા સમય સુધી નીચેની કોર્ટનો સજાનો હુકમ સ્ટે કરી રૂા.૧૫,૦૦૦ ના જામીન પર મુક્ત કરતો હુકમ ફરમાવેલ છે. આરોપી ડાયા ભીખા તરફે લીગલ એઈડના એડવોકેટ વિવેક એન. સાતાની રોકાયેલા હતા.


એડવોકેટ: વિવેક સાતા

# અનુ.જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડો. પ્રધ્યુમન વાજા દ્વારા પ્રાથમિક સદસ્યતા ઝુંબેશ યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

શહેર ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રભારી મહેશ રાઠોડ, પ્રમુખ મહેશ અઘેરા, મહામંત્રી નાનજીભાઈ પારઘી, વજુભાઈ લુણસીયાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ ખાતે કાલે તા.૧૯ ના રવિવારે સવારે ૯:૩૦ થી રાત્રે ૮:૩૦ દરમ્યાન પ્રદેશ ભાજપ અનુ.જાતિ મોરચાના અધ્યક્ષ ડો.પ્રધ્યુમનભાઈ વાજા વોર્ડ નં.૪ , વોર્ડ નં.૫ અને વોર્ડ નં.૧૫ અને ત્યારબાદ વોર્ડ-૩ માં વોર્ડના આગેવાન સાથે લોકસંપક- પ્રાથમિક સદસ્યતા ઝુંબેશ કાર્યક્રમમાં ઉપસ્થિતિ અને રામદેવપીર મંદિર ખાતે મહાઆરતીનો લાભ લેશે.

તેમજ વિવિધ વોર્ડમાં દલિત આગેવાનના ઘેર અલ્પાહાર અને ભોજનનો લાભ લેશે. આ તકે ડો.પ્રધ્યુમનભાઈ વાજા સાથે પ્રદેશ ભાજપ અનુ.મોરચાના ઉપપ્રમુખ રાજુભાઈ અઘેરા, પ્રદેશ ભાજપ અનુ.મોરચાના મંત્રી બાબુભાઈ ચાવડા, પ્રદેશ અનુ. મોરચાના કાર્યાલય મંત્રી મૌલીકભાઈ જાદવ, સહિતના આગેવાનો જોડાશે.

ત્યારે આ કાર્યક્રમ દરમ્યાન શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ અને શહેર ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રભારી મહેશ રાઠોડ, પ્રમુખ મહેશ અઘેરા, મહામંત્રી નાનજીભાઈ પારઘી, વજુભાઈ લુણસીયાની આગેવાનીમાં વિવિધ વોર્ડમાં શહેર ભાજપ અનુ. જાતી મોરચાના કાર્યકર્તાઓ વિવિધ જવાબદારી સંભાળી રહ્યા છે.





## ચાણક્ય ફાઉન્ડેશન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# પાણીના ઘોડા પાસે આજે લોકડાયરો

### જરૂરીયાતમંદ બાળકોના શિક્ષણ અર્થે કરાયું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

ચાણક્ય ફાઉન્ડેશન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત ભવ્ય લોકડાયરો આજે તા.૧૮ ને શનિવારે રાત્રે ૮:૩૦ કલાકે બાલક હનુમાન મંદિર, પાણીના ઘોડા પાસે, પેડક રોડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં પ્રેરણાદાયી ઉપસ્થિત નરેશભાઇ પટેલ(ચેરમેન-ખોડલધામ ટ્રસ્ટ કાગવડ), અતિથી વિશેષ તરીકે જયેશભાઇ રાદડિયા (પૂર્વ કેબિનેટ મંત્રી), ભરતભાઇ બોઘરા (પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ), મોહનભાઇ કુંડારીયા(સંસદ સભ્ય-રાજકોટ), રામભાઇ મોકરીયા(સંસદ સભ્ય-રાજયસભા) ઉપસ્થિત રહેશે.

આમંત્રિત મહેમાનોમાં કમલેશ મીરાણી (શહેર ભાજપ), ગોંવિદભાઇ પટેલ (ધારાસભ્ય), લાખાભાઇ સાગઠિયા (ધારાસભ્ય), પ્રદિપ ડવ(મેયર), જયેશભાઇ બોઘરા (ચેરમેન-મા.યાર્ડ રાજકોટ), ગોરધનભાઇ ધામેલીયા, જીતુભાઇ કોઠારી, કિશોરભાઇ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, નીતિન ભારદ્વાજ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ લોકડાયરામાં અલ્પાબેન પટેલ(લોકગાયીકા), અપેક્ષાબેન પંડ્યા (લોકગાયીકા), વિવેક સાંચલા (લોકગાયક), મિલન તળાવીયા(હાસ્ય કલાકાર) અને લાલુ માલવીયા (લોકગાયક) ઉપસ્થિત રહેશે.

# સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન હનુમાનજીને દિવ્ય શૃંગાર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

સાળંગપુર: સાળંગપુર ખાતે સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વ વિખ્યાત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શનિવારના પવિત્ર દિન નિમિતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘાનો શણગાર કરી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા દાદાના સિંહાસનને લાલ-પીળી ખારેકના શણગાર કરી સવારે ૭ કલાકે શણગાર આરતી કરવામાં આવી હતી. આ સાથે મંદિરના પટાંગણમાં મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો ઓનલાઈન તથા પ્રત્યક્ષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.





## યુવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા

# ૧૮૦ વખત રકતદાન કરનાર નિતિન અગ્રાવતનું સન્માન




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

શહેરની જાણીતી યુવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા વિશ્વ રકતદાતા દિવસ નિમિતે સેંકડો મોતના મુખમાં ધકાયેલા દર્દીઓને નવજીવન બક્ષવામાં નિમિત બનનાર શહેરના આર.બી. કોઠારી નિદાન કેન્દ્રમાં ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા રામાનંદી સાધુ સમાજના યુવા અગ્રણી ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ રકતદાતાનો એવોર્ડ મેળવનારા આપણા નગરના ગૌરવ સમા ૧૮૦ વાર રકતદાન કરનારા નીતિનભાઈ અગ્રાવતનું સંસ્થા દ્વારા પરંપરાગત રીતે પુષ્પગુચ્છ આપી. તેમજ શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું.

નીતિનભાઈએ માનવધર્મ બજાવેલ છે તેમ જણાવી સન્માન બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ, જનાર્દન આચાર્ય, પરિમલભાઈ જોષી, રાજદીપ શાહ, કિશોર ટાકોદરા, જયેન્દ્રભાઈ મહેતા, જીતુભાઈ ગાંધી, હરીશભાઈ હરીયાણી સહિતના કાર્યરત રહેલ છે. તેમ જણાવ્યું છે.(૧૩)

# ખૂનના કેસમાં આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૧૮


એડવોકેટ: મુકેશભાઈ પીપળીયા

લોખંડના પાઈપથી હત્યા કરવાના ગુનામાં જેલ હવાલે રહેલ આરોપીએ ચાર્જશીટ પછી જામીન અરજી કરતા કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરી છે. આ કેસની વધુ વિગત મુજબ ગત તા.૩/૨/૨૦૨૨ ના રોજ નવાગામ આણંદપર દેવનગરના ઢોરે રહેતો આરોપી હિતેશ ઉર્ફ ગડિયો વાલાભાઈ ઝાપડાએ પ્રેમ પ્રકરણ મુદ્દે ખાર રાખી તેમના ઘરમાં જ મરણજનાર હરસુખભાઇ અકુભાઇ ફતેપરાને લોખંડનો પાઈપ મારી હત્યા નિપજાવી ભાગી ગયેલ તે ગુન્હામાં પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરેલ જેલમાંથી આરોપીએ જામીન ઉપર છુટવા જામીન અરજી કરતા સરકાર તરીકે સરકારી વકીલે જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપીએ સામાન્ય બાબતમાં હત્યા કરી નાખેલ છે અને આવા જનુની આરોપીને જામીન આપવા જોઈએ નહીં જેને ધ્યાને લઇને કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## લોન વસૂલાત માટે બેન્કો-એજન્ટો બળજબરી ન કરી શકેઃ નિયમો ઘડાશે

પણ પડકારજનક ગણાવતા કહ્યું હતું કે, ભારત જ નહીં અમેરિકા, યુરોપ સહિત દુનિયાભરના દેશોમાં મોંઘવારી વધી છે. તાત્કાલીક તેના પર કાબૂ મેળવવાનું મુશ્કેલ છે. મોંઘવારીને સહન કરવી પડે તે સમયની જરુરિયાત છે. તેને કાબૂમાં લેવા માટે પગલા લેવામાં આવ્યા જ છે અને વખતોવખત વધુ પગલા લેવામાં આવશે.સુત્રોના કહેવા પ્રમાણે લોન વસૂલી માટે એજન્ટો ધાકધમકી આપતા હોવાના મામલે રિઝર્વ બેન્ક સમક્ષ ઢગલાબંધ ફરિયાદો થઇ રહી છે. આ જ કારણથી રિઝર્વ બેન્કે હવે આકરું વલણ અપનાવવાનું નક્કી કર્યું છે. ડીજીટલ ધોરણે કે ઓનલાઇન આપતી પધ્ધતિને સુરક્ષિત અને મજબૂત બનાવવા માટે પણ તૂર્તમાં નવા દિશાનિર્દેશ જારી કરવામાં આવશે. ઓનલાઇન લોનના નામે થતી છેતરપીંડી સામે પણ આરબીઆઈ ગર્વનરે ચિંતા વ્યક્ત કરી હતી. જો કે લોકોમાં જાગૃતિ ઉભી થાય તે માટે વખતોવખત ગાઇડલાઇન જારી કરવામાં આવતી હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એપ મારફત લોન ઓફર કરતી અનેક કંપનીઓ બિનઅધિકૃત અને બોગસ છે. ઓનલાઇન એપ મારફત લોન લેનારા ગ્રાહકો પછી એજન્ટોની ધાકધમકીથી માનસિક પરેશાનીમાં આવી જાય છે. અનેક કિસ્સાઓમાં આત્મહત્યા કરતા હોવાના બનાવો પણ બન્યા છે.

## અગ્નિવીરને આસામ રાઈફલ-કેન્દ્રીય અનામત દળોમાં ૧૦% અનામત

આજે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહના કાર્યાલય દ્વારા ટવીટ કરીને આ જાહેરાત કરવામાં આવી છે અને જાહેર કરાયું છે કે અગ્નિવીર ૪ વર્ષની સેવા પુરી કરે તે પછીના તમામ લાભો મેળવી શકશે. હજું ગઈકાલે જ કેન્દ્ર સરકારે અગ્નિવીરની પ્રથમ બેન્ચની ભરતી માટેની ઉમર મર્યાદા જે સાડા સતર વર્ષથી ૨૧ વર્ષની હતી તેમાં એક વખતના અપવાદ તરીકે ૨૩ વર્ષની કરવાની જાહેરાત કરી હતી.બીજી તરફ હવે આજે કેન્દ્રીય સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહ ફરી એક વખત આ યોજના અંગે સમીક્ષા કરશે. જો કે ગઈકાલે જ સરકારે જાહેર કર્યુ છે કે તા.૨૪ જૂનથી હવાઈદળ તથા નૌકાદળમાં અગ્નિપથ યોજના હેઠળ ભરતી શરૂ કરાશે. જો કે આજે ગૃહમંત્રાલય દ્વારા જે વ્યાપક રીતે લાભો અને અનામતની જાહેરાત થઈ છે તેથી સરકાર હવે યોજનામાં પીછેહઠ કરે તેવી શકયતા નહીવત છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## ૨૧મી સદીનાં ભારત માટે મહિલાઓનો વિકાસ જરૂરીઃ વડાપ્રધાન

રેલવેનાં રૂ.૧૬૩૬૯ કરોડનાં ૧૮ પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. રૂ.૫૭૧ કરોડનાં ખર્ચે વડોદરામાં નિર્માણ પામનાર ભારતીય ગતિશક્તિ યુનિવર્સિટીનાં નવા ભવનનું મોદીનાં હસ્તે ભૂમિપૂજન થયું હતું. રેલવેનાં રૂ.૧૦ હજાર કરોડનાં નવા પાંચ પ્રોજેક્ટનું એમણે લોકાર્પણ કર્યું હતું. રૂ.૭૨૫૦ કરોડનાં ખર્ચે નિર્માણ થયેલ ખૂબ જ મહત્વપૂર્ણ પાલનપુર- મદાર ડેડીકેટેડ ફ્રેટ કોરીડોરનું લોકાર્પણ કરી ગેજ પરિવર્તન બાદ અમદાવાદ, બોટાદ, પેસેન્જર ટ્રેન અને લુણીધાર- ઢસા, પાલનપુર- રાધનપુર ટ્રેનને પણ લીલીઝંડી આપી હતી. સંખ્યાબંધ રેલવે લાઈનનાં ગેજ પરિવર્તનનું ખાતમુહુર્ત મોદીનાં હસ્તે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને રૂ.૬૬૦.૨૬ કરોડનાં પાણી વિતરણ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું અને શિલાન્યાસ કર્યું હતું. આ યોજનાઓથી ૧૬ લાખ લોકોને લાભ મળશે.(૨.૧૨)

## GSSSBની ભરતીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન ઓનલાઇન થશે

કરવામાં આવી છે. ૧૪૪૬ જેટલી જગ્યાઓ માટેની ભરતી જાહેર કરવામાં આવી છે.વર્ક આસિસ્ટન્ટ વર્ગ-૩ની ૭૭૧, ગ્રંથાલય નિયામકની ૩૭ જગ્યા પર ભરતી, રેખનકારની ૫૦, અધિક મદદનીશ સિવિલ ઇજનેરની ૧૯૨ જગ્યા પર ભરતી, મ્યુનિસિપલ ઇજનેર ૮૮ જગ્યા પર ભરતીની જાહેરાત કરવામાં આવી.(૯)

## વડોદરામાં ૧૦૦મી. દોડમાં ૧૦૬ વર્ષના દાદાએ સુવર્ણ ચંદ્રક જીત્યો

એથ્લેટિક રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં છે. ખેલ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સહુને ગુજરાતમાં આવકાર્યા હતા અને ૧૦૬ વર્ષના રમાબાઈને સહુ યુવા ખેલાડીઓ માટે પ્રેરણા સ્ત્રોત ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું કે ખમણ ઢોકળાનું રાજ્ય ગણાતા ગુજરાતમાં સફળ ખેલાડીઓ ઘડાઈ રહ્યાં છે અને પ્રતિષ્ઠિત સ્પર્ધાઓમાં વિજેતા બની રહ્યાં છે. સખત પરિશ્રમ અને સમર્પણ જ ખેલાડીને વિજેતા બનાવે છે.(૯)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## વડાપ્રધાનનાં હસ્તે કાલિકા મંદિરનું ઉદ્દઘાટન અને ધ્વજારોહણ

ઉપસ્થિત રહ્યા હતા. મંદિરનાં મુખ્ય પૂજારીએ વડાપ્રધાનને ચુંદડી ઓઢાળી અને હાર પહેરાવીને અદકેરું અને ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું. માતાજીનાં સ્થાનકમાં વડાપ્રધાને થોડો સમય વિતાવી મુક પ્રાર્થના પણ કરી હતી. આ રીતે સદીઓ બાદ મહાશક્તિનાં સ્થાનકમાં સોનેરી ક્ષણોનું સર્જન થયું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ ચુંદડી ઓઢાળી સ્વાગત કરાયું હતું. પાવાગઢ મંદિર અને આખો કિલ્લો તથા ધર્મસ્થાન યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્મારકોની યાદીમાં સામેલ છે.(૨.૧૨)

## રાજકોટ મનપા-રૂડાનાં પ્રધાનમંત્રી યોજના થકી નિર્મિત આવાસોનું વડાપ્રધાનનાં હસ્તે લોકાર્પણ

# કુલ ૩૭૯૦ આવાસોનું નરેન્દ્ર મોદીના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ, ૧૦૪૨ આવાસોની નંબર ફાળવણી તથા ડ્રો કરાયા









**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ કુલ ૩૭૯૦ આવાસોનું લોકાર્પણ તથા ૧૦૪૨ આવાસોનો નંબર ફાળવણી ડ્રો ઉપરાંત બી.એલ.સી. હેઠળ નિર્માણ પામેલ આવાસોનો ગૃહપ્રવેશ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે તેમની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પૂ.પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રૈયા રોડ ખાતે આજે યોજાયો. જ્યારે આવાસોની જુદી-જુદી સાઈટ ખાતે પણ આ અંગેનો લાઈવ કાર્યક્રમ યોજાયો હતો.

રાજકોટ ખાતેના કાર્યક્રમના અધ્યક્ષસ્થાને મેયર ડો.પ્રદિપ ડવ, મંત્રી અરવિંદભાઈ રૈયાણીની સાંસદ રામભાઈ મોકરીયા, કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્ટે.કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશ્નર અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસકપક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, હાઉસિંગ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ તેમજ કોર્પોરેટરઓ, ભાજપ સંગઠનના હોદેદારો, અધિકારીઓ અને લાભાર્થીઓ વગેરે ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કાલિકાદેવીના દર્શન કરી તેઓના વરદ્ હસ્તે રાજયને રૂ.૨૧૦૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણની ભેટ મળી રહી છે. પ્રધાનમંત્રીએ અગાઉ જણાવેલ કે, વિકાસના કામો માટે એક અઠવાડિયું પણ ક્યારેય ખાલી જતું નથી અને જે કહીએ છીએ તે કરી બતાવેલ છે. જેમના સ્વાભાવમાં વિકાસની વાત વણી લીધેલ છે. તે સૌ દેશવાસી માટે ગૌરવની વાત છે. વિકાસની શરૂઆત ગુજરાતથી કરેલ અને ગુજરાતને દેશનું વિકાસનું ગ્રોથ એન્જિન બનાવેલ.

કેન્દ્રના સહયોગથી ગુજરાતનો વિકાસનું એન્જિન પુરપાટ ઝડપે ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રી દેશના વિકાસના એક શિલ્પકાર બની રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સર્ગભા માતા બહેનોના પોષણ માટેની મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના તેમજ આદિવાસી વિસ્તારો માટેની પોષણસુધા યોજનાનો પ્રધાનમંત્રી દ્વારા પ્રારંભ થઈ રહ્યો છે. પાંચ વર્ષમાં રૂ.૪૦૦૦ કરોડ આ માટે ખર્ચ કરવામાં આવશે. અંત્યોદય સમુદાય સમાજના મુખ્ય પ્રવાહમાં ભળે તે માટે સરકાર સતત જહેમત લઈ રહી છે.

મંત્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવેલ કે, અગાઉના સમયમાં દેશમાં વાતો થતી કે ગરીબી દુર કરશું, સમૃદ્ધિ લાવીશું, આવાસો આપીશું. પરંતુ, તે ફક્ત વાતો જ થઈ જ્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં શાસન સંભાળ્યું ત્યારે દેશમાં કોઈ ઘર વિહોણું ન રહે તે માટે આવાસ યોજનાનું લોન્ચિંગ કર્યું. આ ઉપરાંત દેશના ગરીબ અને પીડિત મધ્યમવર્ગના લોકો માટે અનેક યોજનાનો અમલ કરાવેલ છે. તેમજ વિશ્વભરમાં ભારત દેશને આગવું સ્થાન અપાવેલ છે.

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સફળ નેતૃત્વમાં પણ ગામડે ગામડે વિકાસ થાય, છેવાડાના માનવીને સુવિધા મળે તેવી કામગીરી થઈ રહી છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરથી લઈ તમામ નેતાઓ લોકોની વચ્ચે રહી લોકોની આકાંક્ષા-અપેક્ષા પુરી કરવા સતત પ્રયત્નશીલ રહે છે. હાલમાં બની રહેલ આવાસ યોજનાઓમાં આધુનિક સગવડતાઓ આપવામાં આવી રહી છે. દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવ ચાલી રહેલ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગરીબ અને મધ્યમવર્ગના લોકોને આરોગ્યની સારવાર મળી રહે તે માટે આયુષ્યમાન કાર્ડ, ૮૦ કરોડ લોકોને નિ:શુલ્ક અનાજ, કુંવરબાઈનું મામેરૂ, વિધવા સહાય આ ઉપરાંત અનેક યોજનાઓ સીધી જ લાભાર્થીને મળે તેવું સુદ્રઢ આયોજન કરેલ છે.

ભારતીય જનતા પાર્ટીના તમામ નેતાઓ, કાર્યકરો, શ્યામાપ્રસાદ મુખર્જી, દિન દયાળ ઉપાધ્યાયના છેવાડાના માનવીને સુવિધા મળવી જોઈએ તેવા વિચાર સાથે કાર્ય કરી રહી છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસના સુત્રને અમલમાં મુકી કાર્ય કરી રહેલ છે.

અરવિંદભાઈ રૈયાણીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગરીબ શહેરીજનોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓ, ગરીબ લોકોને સુંદર ઘરનું નજરાણું ઉપરાંત અન્ય જરૂરી સેવાઓ અને સુવિધાઓ મળી રહે તે માટે અગ્રતા અપાય છે. ગુજરાત રાજ્યમાં અઢી અઢી દાયકાથી લોકોએ સતત થઈ રહેલ વિકાસ અને પ્રગતિ નિહાળી છે અને એટલા માટે જ ભાજપ સરકાર પરનો તેમનો વિશ્વાસ દ્રઢ બન્યો છે.

સરકાર ચૂંટણી ન હોય ત્યારે પણ વિકાસલક્ષી કામગીરીને સતત વેગ આપે છે તે લોકો જુએ છે. છેવાડાના માનવીને પણ વિકાસના ફળ મળી રહ્યા છે.

આ પ્રસંગે મેયર ડો.પ્રદિપ ડવએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવેલ કે,

### પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે યોજાયો વર્ચ્યુઅલ કાર્યક્રમ: મંત્રી અરવિંદ રૈયાણી, સાંસદ મોકરીયા, મેયર ડો.પ્રદિપ ડવ, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી સહિતનાં આગેવાનો અને મહાનુભાવોની હાજરી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ.૧૬૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલ વિવિધ કેટેગરીના ૧૮૦૮ આવાસોનું લોકાર્પણ, ૧૦૪૨ આવાસોનો નંબર ફાળવણી ડ્રો, બી.એલ.સી. હેઠળ રૂ. ૧૭.૦૪ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૪૮૭ આવાસોનો ગૃહ પ્રવેશ ઉપરાંત રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં એ.એચ.પી. હેઠળ રૂ. ૧૬૬.૮૩ કરોડના ખર્ચે ૧૯૮૨ આવાસનું લોકાર્પણ અને બી.એલ.સી. હેઠળ રૂ.૩૩.૯૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૯૭૦ આવાસોના ગૃહ પ્રવેશની વિધિ આપણા સૌનું ગૌરવ અને વિશ્વના નેતા એવા દેશના આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં થઈ રહેલ છે. ગુજરાતનો વિકાસ ખુબ ઝડપથી આગળ વધે અને કોઈ પણ વ્યક્તિ માટે ઘર એ પ્રાથમિક જરૂરીયાત છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે શહેરના ક્રીમ એરિયામાં ૧/૨/૩ BHK ના ફ્લેટ રૂ.૩ લાખથી માંડીને રૂ.૧૮ લાખ સુધીમાં આપવામાં આવી રહ્યા છે.

સામાન્ય રીતે માત્ર બાંધકામ કિંમત ગણીએ તો તે પણ આઠ થી વીસ લાખ રૂપિયા જેવી થાય. જેની સરખામણીએ લાભાર્થીઓને ખુબ જ રાહતદરે આ આવાસો મળી રહ્યા છે. જેમાં પાણી, ડ્રેનેજ, પાર્કિંગ, ગાર્ડન, આંગણવાડી, શોપિંગની સુવિધા, કોમ્યુનીટી હોલ વગેરે જેવી સુવિધા આપવામાં આવી રહી છે. રાજકોટ મહાનગરપાલિકા ઘર વિહોણા લોકોને તેમનું ઘરનું ઘર મળી રહે તે બાબતને પ્રાયોરીટી આપે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકાર ગરીબ લોકોની ખુબ ચિંતા કરે છે અને તેમના માટે આવાસ ઉપરાંત વિનામુલ્યે શિક્ષણ અને આરોગ્ય, ટ્રાન્સપોર્ટેશન અને રોજગારી વગેરે બાબતોની સેવાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ બનાવે છે. મેયરએ આવાસના તમામ લાભાર્થીઓને સુખ, સુખ શાંતિ અને પ્રગતિની શુભેચ્છા પાઠવેલ.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, મ્યુનિ. કમિશનર, શહેર સંગઠન ટીમ, સાંસદ સભ્ય, ધારાસભ્યઓ, પ્રદેશ ભાજપ અગ્રણીઓ, દ્વારા મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ.

આ પ્રસંગે મંત્રી અરવિંદભાઈ રૈયાણી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ તેમજ સ્વાગત પ્રવચન સ્ટે.કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલએ કરેલ. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા મ્યુનિ.કમિશનર અમિત અરોરાએ આપી હતી.

હાઉસિંગ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરાએ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ.

કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને આવાસની ચાવી અને ગૃહ પ્રવેશ કળશ અર્પણ કરવામાં આવેલ.

# રાજકોટ બાર એસો.ના પ્રમુખ અર્જુન પટેલની નવી ઓફિસનું કાલે ગૃહમંત્રીના હસ્તે ઉદ્ઘાટન



રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ અર્જુનભાઈ પટેલની નવી અદ્યતન ઓફિસનું આવતીકાલે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે શુભારંભ થશે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ના તંત્રી અશોક ગઢવી અને બાર એસોસિએશનના પ્રમુખ અર્જુનભાઈ પટેલ વાતચીત કરતા તસવીરમાં નજરે પડે છે.

### કાલે સાંજે ૫ કલાકે ૧૫૦ ફૂટ રીંગ રોડ, નવજયોત પાર્કમાં ભવ્ય કાર્યક્રમ યોજાશે

### ગૃહમંત્રી હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, પૂર્વ મંત્રી આર.સી.ફળદુ સહિત મહાનુભાવોની ખાસ હાજરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

આવતીકાલે તા.૧૯ ના રોજ સાંજના ૫ કલાકે શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર આવેલ જેડ બ્લ્યુ ના શો - રૂમની પાછળ નવજયોત પાર્ક, શેરી નં.૧ ખાતે રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ અર્જુનભાઈ પટેલની નવી ઓફીસનું ગ્રાન્ડ ઓપનીંગ રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી તથા વ્યકિત વિશેષ મહાનુભાવો ડો. ભરતભાઈ બોઘરા (પ્રદેશ ઉપાધ્યક્ષ - ભાજપ) તથા આર.સી. ફળદુ (રાજયના પૂર્વ કૃષિમંત્રી અરવિંદભાઈ રૈયાણી (મંત્રી ગુજરાત રાજય) ડો. પ્રદિપભાઈ ડવ (મેયર), રામભાઈ મોકરીયા (સાંસદ), મોહનભાઈ કુંડારીયા(સાંસદ), ગોવિંદભાઈ પટેલ (ધારાસભ્ય), લાખાભાઈ સાગઠીયા (ધારાસભ્ય), નરેશભાઈ પટેલ (ચેરમેન ખોડલધામ ટ્રસ્ટ), પ્રશાંતભાઈ કોરાટ(પ્રમુખ, યુવા મોરચા, ગુજરાત પ્રદેશ - ભાજપ), કમલેશભાઈ મીરાણી (અધ્યક્ષ, રાજકોટ શહેર ભાજપ), કિશોરભાઈ ત્રિવેદી (ચેરમેન, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત), મનોજભાઈ અનડકટ (મેમ્બર, બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા) અને જે. જે. પટેલ(કન્વીનર, લીગલ સેલ પ્રદેશ ભાજપ) સહિતનાઓની ઉપસ્થિતિમાં ઓફીસે રીબીન કાપી કરવામાં આવનાર છે. આ મહત્વપૂર્ણ ઓફીસ ઉદઘાટનના ઉદઘાટન અંગેનો સમારોહ જેડ બ્લ્યુ શો- રૂમની સામે અને બીગ બજાર પાસે આવેલ અમૃતસાગર પાર્ટી પ્લોટ ખાતે સાંજે ૫ થી ૮કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. જે ઉદઘાટન સમારોહમાં રાજકોટ શહેર, ગોંડલ, મોરબી, જામનગર, કાલાવડ વગેરે વિવિધ શહેરોમાંથી મોટી સંખ્યામાં એડવોકેટઓ તથા બારના પ્રમુખ અર્જુનભાઈ પટેલના સગા-સબંધીઓ તથા મિત્ર- પરિવાર ઉપસ્થિત રહેવાના છે. અર્જુનભાઈ પટેલની રૂબરૂ વાતચીત દરમિયાન આ તેમની ઓફીસનો ઉદઘાટન સમારોહ તેની જિંદગીનું યાદગાર સંભારણું બની રહેશે તેવું જણાવેલ છે. ઉદઘાટન સમારોહ પૂર્ણ થયા બાદ પધારેલા તમામ વકીલ મિત્રો અને સગા - સબંધીઓ અર્જુનભાઈ પટેલની ઓફીસ ઉપર શુભેચ્છા માટે જશે અને અર્જુનભાઈ પટેલ રાત્રીના ૧૨ વાગ્યા સુધી ઓફીસ ઉપર મળી શકશે. તાજેતરમાં વર્ષ ૨૦૨૨ ની રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં તેઓ જંગી બહુમતીથી રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ તરીકે ચૂંટાય આવેલ છે. તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે વરાયેલા જસ્ટીસ પારડીવાલા સાહેબ રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ અર્જુનભાઈ પટેલના આમંત્રણને માન આપી રાજકોટ પધારેલા અને જસ્ટીસ પારડીવાલાની અધ્યક્ષતામાં લીગલ સેમિનારનું ભવ્ય આયોજન થયેલું, જે રાજકોટ બારના વકીલો માટે એક યાદગાર સંભારણું છે. અર્જુનભાઈ પટેલે તેમની આ નવી અને અદ્યતન ઓફીસના શુભારંભ પ્રસંગમાં ખાસ પધારવા તમામ વકીલો મિત્રોને, સ્નેહી સબંધીઓને આ અખબારયાદી દ્વારા પણ આમંત્રણ પાઠવેલ છે.

# સૌ.યુનિ.માં રજીસ્ટ્રાર પરીક્ષા નિયામકની ભરતી માટે સ્ટેચ્યુટરમાં સુધારા કરવા માંગ

## છાત્ર યુવા સંઘર્ષ સમિતિ દ્વારા કુલપતિને આવેદનપત્ર પાઠવાર્યું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

છાત્ર યુવા સંઘર્ષ સમિતિ દ્વારા આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઘણાં સમય બાદ કાયમી રજીસ્ટ્રાર પરીક્ષા નિયામકની થવા જઈ રહી છે. જેના તા.૨૦ અને ૨૧ એ ઇન્ટરવ્યૂ પણ યોજાવાના છે. ત્યારે આ ભરતી પ્રક્રિયામાં UGC અને શિક્ષણ વિભાગના પરિપત્રનો અનાદર થઈ રહ્યો હોય, તેવું જાણવા મળે છે.





સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કુલસચિવ અને પરિક્ષા નિયામકની જે ભરતી થઇ રહી છે. તેમાં યુનિવર્સિટીના સ્ટેચ્યુટ અને ગુજરાત સરકારના તા.૨૨/૧૧/૨૦૧૮ પરિપત્રનું ભંગ થઇ રહ્યું છે. જેમાં પાંચ વર્ષના સમયગાળા માટે સરકારી યુનિવર્સિટીમાં મંજૂર કરવામાં આવેલી રજીસ્ટ્રારની જગ્યાઓ પર નિમણૂંક આપવાની રહેશે તેમજ એટલી જ સમયમર્યાદામાં લંબાવી શકાશે. આવી સમયમર્યાદા લંબાવવા માટે જરૂરી જસ્ટિફિકેશન સાથે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. તેમજ રજીસ્ટ્રારની જગ્યા પર નિમણૂંક માટેના ઉમેદવારોની લાયકાતો સંબંધે સ્ટેચ્યુટમાં સુધારા કરવાની આવશ્યકતા જણાય તો તેવા સુધારા કરીને સરકારની મંજૂરી મેળવવાની હોય છે.

આ બાબતે સ્ટેચ્યુટમાં સુધારા માટે સેનેટ સભામાં તા.૧-૨ ના રોજ દરખાસ્ત રજૂ કરવામાં આવેલી હતી પરંતુ એ દરખાસ્ત સેનેટમાં નામંજૂર કરવામાં આવી હતી. તેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કોઈપણ જાતનો સ્ટેચ્યુટમાં સુધારો કરવામાં આવેલો નથી તેમજ શિક્ષણ વિભાગના પરિપત્રનો ઉલાળ્યો થતો દેખાય રહ્યો છે. જે ખરેખર નિંદનીય બાબત છે.

તેથી છાત્ર યુવા સંઘર્ષ સમિતિની સ્પષ્ટ માંગણી છે કે, આ ભરતી માટે સૌ પ્રથમ જરૂરી એવા સ્ટેચ્યુટમાં સુધારો કરવામાં આવે તેમજ ગુજરાત સરકારના પરિપત્રનો સંપૂર્ણ રીતે અમલ કરવામાં આવે. ત્યારબાદ જ ઇન્ટરવ્યૂ પ્રક્રિયા યોજાય અને ભરતી કરવામાં આવે. તેમ પ્રમુખ સુરજ બગડાએ જણાવ્યું છે.(૧૩)

# ઈન્સ્યોરન્સ કંપની સામે થયેલ ફરિયાદ ફગાવી દેતી રાજકોટ જીલ્લા ગ્રાહક કમિશન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

આરામ કરતી વેળાએ હાર્ટ એટેકથી વીમાધારકના મૃત્યુ અંગે ૧૫ લાખનું વળતર ચૂકવવાની ગો ડિઝિટ જનરલ ઇન્શ્યોરન્સ કંપની સામેની ફરિયાદ કમિશન દ્વારા નામંજૂર કરવામાં આવી છે.

આ કેસની હકીકત એવી છે કે, વીમાધારક હરજીભાઈ મુળજીભાઈ લાખાણી તા.૦૬/ ૧૧/ ૨૦૧૯નાં રોજ ભરૂચ પાસે પોતાનો ટ્રક પાર્ક કરી આરામ કરતા હતા ત્યારે અચાનક છાતિમાં દુખાવો થતાં તાત્કાલીક સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવેલા અને ત્યાં તેઓનું હાર્ટએટેકનાં કારણે મૃત્યુ થયું હતું. જેથી તેમનાં પરિવાર દ્વારા ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ કં.ને રકમ રૂા. પંદર લાખનું વળતર અકસ્માત વીમા પોલીસી હેઠળ ચુકવી આપવા માંગણી કરી હતી. જે વીમાકંપની દ્વારા નામંજૂર કરવામાં આવતા મૃતકના પત્નીએ જિલ્લા ગ્રાહક સુરક્ષા કમિશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં ગો ડિજિટ ઈન્સ્યોરન્સ કં.તરફે એડવોકેટ નિકુંજ શુકલા હાજર થયા હતા અને તેઓ દ્વારા વિગતવાર જવાબ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા હતા અને તકરાર લેવામાં આવી હતી કે ફરિયાદીનાં પતિનું વીમાપોલીસીની શરતો અને કરાર આધારિત અવસાન થયેલ ન હોય અને તેઓનું કુદરતી અવસાન હોય જે અંગેનો હાર્ટએટેકનો રિપોર્ટ રજુ રાખેલો હતો અને ફરિયાદીને રકમ મળવાપાત્ર નથી તેવું જણાવેલ હતું.

બન્ને પક્ષકારોની લેખિત દલીલ તથા મૌખિક દલીલો વિગતવાર સાંભળી તેમજ રેકર્ડ ઉપર આવેલા તમામ દસ્તાવેજો તથા પુરાવાનો તલસ્પર્શી



એડવોકેટ: નિકુંજ શુકલા

અભ્યાસ કરી ગ્રાહકે સુરક્ષા કમિશનનાં પ્રેસિડેન્ટ તથા મેમ્બર્સ દ્વારા ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ કાં. વિરૂધ્ધ વીમા પોલીસીની વળતર પેટે રૂા. પંદર લાખ ચુકવી આપવાની ફરિયાદ રાજકોટ જિલ્લા ગ્રાહક કમિશન દ્વારા ફગાવી દેવામા આવેલ છે. આ કેસમાં ઇન્સ્યોરન્સ કંપની વતી એડવોકેટ નિકુંજ શુકલા રોકાયા હતા.

## અવસાન નોંધ

રાજકોટ: રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ એવમ ભાગ્યવંતાબાઈ મ્ સાધના સ્મૃતિ ટ્રસ્ટ તથા ગુરુપ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટના ટ્રસ્ટી કાંતીલાલ પી. શાહ (ઉમર ૮૫) તે સ્વ. પ્રભાબેન પોપટલાલ શાહના પુત્ર, સ્વ. મગનલાલ, સ્વ. ભુપતલાલ, સ્વ. ચીમનલાલના નાનાભાઈ તેમજ ભરતભાઈ, મનીષભાઈ, સ્વ. ભાવેશભાઈ અને પરાગભાઈના પિતા તેમજ સ્વ. સવીતાબેન અમૃતલાલ પારેખના જમાઈનું તા.૧૬ ના રોજ અવસાન થયું છે. તેમનું ઉઠમણું તેમજ પ્રાર્થનાસભા તા.૨૩ ને ગુરૂવારે સવારે ૧૦:૩૦ કલાકે શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી.એમ.શેઠ પૌષધશાળા-ઓમાનવાળા ઉપાશ્રય રાજકોટ ખાતે રાખેલ છે.

## રાજકોટ મ્યુનિ.કોર્પોરેશનની આરોગ્ય શાખા-મેલેરિયા વિભાગની આંકડાકીય માયાઝાળ?

# મચ્છર કેમ મરતા નથી?: ૨૧ લાખ સ્થળે દવા છંટકાવના દાવા સામે વેધક સવાલ



### ગત નવેમ્બરથી એપ્રિલના છ મહિનામાં ૪૭,૫૭૨ જગ્યાએ ફોગીંગ અને ૩૧,૭૫,૦૨૨ સ્થળે થયેલા દવા છંટકાવમાં વપરાયેલા 'જંતુનાશક' ની ગુણવત્તા ચકાસવી જરૂરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

'મીઠા ફળ આપતા ઝાડના મૂળ ખાઈ ન જવાય.' એ કહેવત રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં 'વહીવટદારો' એ આત્મસાત કરી લીધી હોય એવું લાગે છે. ચોમાસાનું આગમન થવા સાથે જ શહેરમાં મચ્છર-માખીનો પણ ઉપદ્રવ વધવા લાગ્યો છે. જેના કાયમી કે લાંબા ગાળાના નિરાકરણના નિષ્ઠાપૂર્વક આજ સુધી પ્રયાસ કરાયા નથી.

હાલમાં જ મહાપાલિકાની જનરલ બોર્ડની બેઠકમાં આરોગ્ય શાખા, મેલેરિયા વિભાગે ૨૧ લાખ સ્થળે દવા છંટકાવનો દાવો કર્યો, પણ મચ્છર કેમ મરતા નથી? એવો જાગૃત નગરજનોએ સવાલ ઉઠાવ્યો છે. ખુદ મનપા તંત્રએ જાહેર કર્યું કે, શહેરમાં ૪,૩૩૭ ખાડા-ખાબોચીયામાં દર મહિને બે-ચાર વખત દવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. જેથી સવાલ ઉઠે છે કે, આવા જીવજંતુનો ઉપદ્રવ વધારતા ખાડા-ખાબોચીયાનો કાયમી નિવેડો લાવવો જોઈએ કે માત્ર તેમાં જંતુનાશક દવાનો લખલૂંટ ખર્ચ કર્યે રાખવો જોઈએ? પરંતુ આવા કામ થકી તો વહીવટ ચાલે છે. સોનાના ઈંડા આપતી મરઘીને કોણ મારે? એવો પણ નગરજનોમાં વેધક સૂર ઉઠ્યો છે. હમણાં મે મહિનામાં જ

**૪,૩૩૭ ખાડા-ખાબોચીયાનો કાયમી નિવેડો લાવવાના બદલે દર મહિને બે-ચાર વખત દવા છંટકાવ કરવા પાછળ ભ્રષ્ટવૃત્તિ કારણભૂત?**

મ્યુનિ. કોર્પોરેશનની સાધારણ સભામાં વોર્ડ નં.૯ ના કોર્પોરેટર દક્ષાબેન વસાણીએ સવાલ પૂછયો હતો કે, આરોગ્ય શાખા હસ્તકના મેલેરિયા વિભાગ દ્વારા છેલ્લા છ મહિનામાં કેટલી જગ્યાએ દવા છંટકાવ અને ફોગીંગ કરવામાં આવ્યું છે? જેનો આરોગ્ય અધિકારીએ લેખિત જવાબ આપ્યો કે, નવેમ્બર-૨૦૨૧ થી એપ્રિલ-૨૦૨૨ દરમિયાન મચ્છરોના નાશ માટે ૪૭,૫૭૨ વિસ્તારોમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું. જેમાં મેલેરિયા કે ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય પોઝિટિવ કેસ આવ્યા હતા એવા વિસ્તારોમાં ઘરની અંદર જઈને હેન્ડ ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. આ સાથે વધુમાં વધુ વિસ્તારોને આવરી શકાય એ માટે ૮૦૦ જેટલા વિસ્તારોમાં વ્હીકલ માઉન્ટેશન ફોગીંગ મશીન દ્વારા કામગીરી કરવામાં આવી હતી. જો કે, એ ફોગીંગ બાદ પણ જે-તે વિસ્તારોમાં સ્થિતિ 'જૈશે થે' રહી હોવાનું સ્થાનિક લોકોએ કહ્યું હતું. પરિણામે ફોગીંગ માટે વાપરવામાં આવેલી જંતુનાશક દવાની ગુણવત્તા સામે સવાલ ઉભા થયા છે.

### આરોગ્ય શાખાની આંકડા-ઝાળ

| નવેમ્બર-૨૦૨૧ થી એપ્રિલ-૨૦૨૨ ની કામગીરી | |
|---|---|
| (૧) ફોગીંગ કરેલા ઘરો | ૪૭,૫૭૨ |
| (૨) દવા છંટકાવના ઘરો | ૫,૪૪,૭૪૬ |
| (૩) દવા છંટકાવના ટાંકા-પાત્રો | ૨૬,૧૨,૬૬૨ |
| (૪) દવા છંટકાવના ખાડા-ખાબોચીયા | ૪,૩૩૭ |
| (૫) બિન રહેણાકમાં દવા છંટકાવ | ૧૩,૨૭૫ |



# રાષ્ટ્રીય કક્ષાની સબ જુનિયર સ્વિમિંગ સ્પર્ધાનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્દઘાટન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ ડિસ્ટ્રીકટ સ્વિમિંગ એસો. દ્વારા તા. ૨૪ થી તા. ૨૬ જુન સુધી ૩ (ત્રણ) દિવસ રાજકોટના આંગણે સ્વિમિંગ ફેડરશન ઓફ ઇન્ડિયાની ૩૮ મી સબ જુનીયર નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સરદાર વલ્લભભાઇ પટેલ સ્નાનાગાર ખાતે રાજકોટ ડિસ્ટ્રીક સ્વિમિંગ એસોસિએશનને ફાળવવામાં આવે છે.

સ્પર્ધાના ચેરમેન તરીકે ઉદ્યોગપતિ અને શાપર વેરાવળ ઇન્ડ. એસોસિએશના ચેરમેન રમેશભાઇ ટીલારા અને કો. ચેરમેન તરીકે ફાલ્કન ગ્રુપના ડાયરેકટર કમલનયન સોજીત્રા સમગ્ર રાજકોટ સ્વિમિંગની ટીમ ઉપરોકત મહાનુભાવના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધાને સફળ બનાવવા મહેનત કરશે. તા.૨૪ મીએ સાંજે ૪:૩૦ વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ઉદ્દઘાટનમાં ઉપસ્થિત રહેશે.

રાજકોટ ડિસ્ટ્રીક સ્વિમિંગ એસોસિએશનના પ્રમુખ ઉમેશ રાજયગુરૂ અને સેક્રેટરી બંકિમ જોષીએ જણાવાયું છે. સ્પર્ધાની સફળ આયોજન માટે ફીનાના વાઇસ પ્રેસિડેન્ટ વિરેન્દ્રભાઇ નાણાંવટી, સ્વિમિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયાના સેક્રેટરી મોનલભાઇ ચોકસી ઇન્ટરનેશનલ વોટરપોલો રેફરી અને પૂર્વ સેક્રેટરી કમલેશભાઇ નાણાંવટી જીનીસ એજયુકેશન ગ્રુપના ડાયરેકટર ડી.વી. મહેતાના માર્ગદર્શન હેઠળ એસોસિએશનના ઉપપ્રમુખ પ્રકાશ કલોલા અને ખજાનચી દિનેશ હાપાણી, નીરજભાઇ દોશી, જયશ્રી બેન ભગવતીબેન જોષી, શીતલબેન હાપાણી, સાગર કક્કડ, મયુરસિંહ જાડેજા, યશ વાકાણી, દિવ્યેશ ખુંટ, વિજય ખૂંટ, ભરત કિયાળા, અમિત સાકરિયા, અમિત સોરઠીયા, નિલેશભાઇ રાજયગુરૂ, નિમિષ ભારદ્વાજ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ સ્વિમિંગ સ્પર્ધામાં સમગ્ર ભારતમાંથી ૪૫૦ થી વધારે સ્પર્ધકો ભાગ લેશે તથા જુદી-જુદી સ્વિમિંગની સ્ટાઇલ જેમકે ફ્રી સ્ટાઇલ, બટરફલાય, બેંક સ્ટોક, બ્રેસ્ટસ્ટ્રોક આમ ચાક સ્ટાઇલમાં સ્પર્ધકો એમનું કોવત દેખાડશે.

સ્પર્ધાને સફળ બનાવવા અલગ અલગ કમિટીની રચના કરવામાં આવેલ છે. જે કમિટીઓમાં તે વિષય ને લગતા નિષ્ણાંતોની નિમણુંક આપવામાં આવેલ છે; જેમાં ડો. વિજય મહેતા, હિરેનભાઇ ગોસ્વામી, સંજયભાઇ વઘાશિયા, ચિરાગ સંઘવી, હિરવા ભારદ્વાજ, પાયલ કાચા, મૈત્રી જોષી, વિશ્વા પરમાર, કેયુર રાજયગુરૂ, અશોકભાઇ અઢિયા, પ્રતાપ પરમાર, પ્રતાપ અઢિયા, દર્શન જોષી, મૌલિક કોટીચા, હનીબેન જોબનપુત્રા, જય પરમાર, ધૈવ્યત રામાણી, અલ્કાબેન ચાવડા, હરેશભાઇ ગોસ્વામી, અશોકભાઇ મઢવી, હિતેશભાઇ ટાંક, જીગર ઠક્કર, દુષ્યંતભાઇ જોશી, સલીમ મકરી ઋષભભાઇ વ્યાસ સ્વિમિંગ ખેલાડીઓ વગેરે લોકો આ સ્પર્ધાને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. રસ ધરાવનાર સૌને સ્પર્ધા નિહાળવા એસો.ના પ્રમુખ અને પૂર્વ મંત્રી ઉમેશ રાજયગુરૂએ અપીલ કરી છે.

### હાલ ઘરે-ઘરે સંપર્ક કરીને સભ્ય નોંધણ ઝુંબેશ શરૂ

# રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા કાયક્રમોની હારમાળા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ જીલ્લા ભાજપા અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા, મહામંત્રીઓ નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલાની આગેવાની હેઠળ રાજકોટ જીલ્લામાં તા.૨૧ થી ૩૦ જુન સુધી વિકાસયાત્રાને જન-જન સુધી પહોંચાડવા તેમજ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

**૨૧મીએ ૭૫ સ્થળોએ યોગ દિવસની ઉજવણી, ૨૫મીએ કટોકટીનો કાળો દિવસ મનાવાશે**

તા.૨૧ જુનને રાજકોટ જીલ્લા ભાજપા દ્વારા તમામ મંડલો ઉપર ૭૫ સ્થળે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ તા.૨૩ જુન અને જન્મ દિવસ તા.૬ જુલાઈના રોજ બુથ સ્તર પર પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે. જયારે તા.૨૫ જુનના રોજ કટોકટીનો કાળો દિવસ મનાવવામાં આવશે. મંડલમાં રહેતા તમામ મીસાવાસીઓનું સન્માન કરવામાં આવશે.

તા.૨૩ જુનથી તા.૬ જુલાઈ સુધી મંડલના બુથ સ્તર પર ગામમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવામાં આવશે.

તા.૧૬ જુનથી ૩૦ જુન સુધી જીલ્લાથી માંડી બુથ સુધીના કાર્યકર્તાઓ ઘરે-ઘરે સંપર્ક કરીને સભ્ય નોંધણી ઝુંબેશ રાખવામાં આવી છે અને મુખ્ય સંગઠન, તમામ મોરચા, તમામ સેલ આ અભિયાનમાં જોડાઈને બુથ સ્તર સુધી નવા મતદાતાઓને તેમજ નવા સભ્યોને પ્રાથમિક સભ્ય બનાવવાનું અભિયાન હાથ ધરવામાં આવશે.

પ્રાથમિક સભ્ય બનવા માટે ૭૮ ૭૮ ૧૮૨ ૧૮૨ ઉપર મિસ્ડકોલ કરવાનો રહેશે. મિસ્ડકોલ થયા બાદ લીંક આવશે. તે લીંકમાં જઈને ફોર્મમાં સંપૂર્ણ માહિતી ભરવાની રહેશે ત્યારબાદ સબમિટ આપવાનું રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મન કી બાત કાર્યક્રમ પૂરો થયા બાદ શક્તિકેન્દ્ર કોઇપણ બુથમાં ટીફીન બેઠક યોજવામાં આવશે.

# મહિલાને ડાકણનો આરોપ મુકનાર ભુવાનો ભાંડાફોડ કરતું વિજ્ઞાન જાથા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૧૮



### પોરબંદરના બોરીચામાં ૨૫ વર્ષથી ધતિંગ કરનાર ભુવાનો પર્દાફાશ

પોરબંદરના બોરીચા ગામમા ૨૫ વર્ષથી દોરા-ધાગા, માદરડીયા બનાવવા, ધૂણીને ખોટા આરોપ મુકનાર ભુવા કાના દુદાભાઈ ઓડેદરાની ધતિંગલીલા ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે બગવદર પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૦૬ મો સફળ પર્દાફાશ કર્યો હતો. સોઢાણા મહિલા ઉપર ડાકણનો આરોપ મુકનારા તમામે માફી માંગી જણાવ્યું હતું કે, બનાવની વિગત પ્રમાણે સોઢાણાના દુલા લાખા કારાવદરાએ તેમાં પરિવારના કુટુંબી સદસ્યો સ્વીફટ ગાડીમાં આવી તારી માતા સંતોકબેન ડાકણી છે. રેખા ઉપર કરી નાખ્યુ છે. ૬ વર્ષનો પુત્ર માતા પાસે જતો નથી. ભુવા કાનાએ તમારું નામ આપ્યું છે તેમ બોલી ઘરમાંથી બહાર નીકળો, રાત્રીના સવા બારે ધમાલ મચાવી લોકોને ભેગા કરી દીધા. પરિવાર ગભરાઈ ગયો, કંઈપણ જાણતા ન હતા. માતા સંતોકબેન નિર્દોષ હોવાથી ડાકણનો આરોપ લાગવાથી આપઘાત કરવાનું નક્કી કરી લીધું.

સવારે દુલા લાખાએ પોતાના સગા, મિત્રમંડળને વાત કરી. બધાએ વિજ્ઞાન જાથાની મદદ લેવા સલાહ આપી. ઓડેદરા, મેર સમાજના આગેવાનોએ જાથા ઉપર ભલામણ કરી જલ્દી પ્રશ્ન હલ કરશો નહિંતર આ ગામમાં બે-ત્રણ લાશ પડશે, ખૂન-ખરાબાની જાથા સમક્ષ પાલે મુકી, ભુવો કાના અંદરોઅંદર ઝઘડા કરાવે છે. ખોટા નામ સાથે છે. ધૂણવામાં હોંશિયાર હોવાથી પરદેશ દુબઈની સફર કરીને આવ્યો છે. મહેની ભાષ દાનપેટીનો ડબ્બો રાખ્યો છે. રોગ મટાડવા, માદરડીયા પહેરાવવા, દાણા જોવામાં કાબેલીયત છે. વિજય અરભમ, રામ લખમણ, રેખા વિજય, રૂડીબેન લખમણ, રાભીબેન ડાકણનો સાર કરે છે. તેઓ બધાને બોધપાઠ આપવા સંબંધી જાથા સમક્ષ વાત મુકવામાં આવી હતી.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ સોઢાણા મહિલા ઉપર ડાકણનો આરોપ સંબંધી ખરાઇ કરવા સ્થાનિક કાર્યકરોને કામે લગાડયા, માહિતી સાચી હોવાની સાથે ભુવા દર સોમવારે દોરા-ધાગા જોવાનું કામ કરે છે. દોરા-ધાગાને રવાડે ચડી ગયાનું બહાર આવ્યું હતું. વિજય, રામ લખમણ રાત્રીના બાર પછી ધમાલ મચાવી હતી. જાથાએ આરોપ મુકનારા તમામનો પર્દાફાશ કરવાનું નકકી કર્યું.

જાથાના જયંત પંડયાએ ભુવા કાના દુદા, વિજય રામ લખમણ પરિવારને ગંભીરતાની વાત કરી. કોઈપણ મહિલા ઉપર ખોટો આરોપ મુકવો. રાત્રે ધમાલ કરવી, સમાજમાં બહિષ્કૃત થાય તેવા કૃત્ય માટે ગુન્હો દાખલ થાય, સંતોકબેન નિર્દોષ છે. તેઓ કંઈ જાણતા નથી. ભુવા કાનાના કારણે સમગ્ર મામલો ઉભો થયાનું બહાર આવ્યું હતું.

જાથાએ પીડિત પરિવાર સંતોકબેન લાખાભાઈ કારાવદરા, દુલા પુત્ર, પુત્રવધુ ચેતના, લાખાભાઈને ન્યાય અપાવ્યો હતો. ડાકણ શબ્દો પ્રયોગને કાયમી તિલાંજલિ આપવામાં આવી હતી. બંને વચ્ચે સુખદ સમાધાન થયું હતું. વિજ્ઞાન જાથાએ ૧૨૦૬ મો સફળ પર્દાફાશ પોલીસની મદદથી કર્યો હતો. પોરબંદર જિલ્લા એસ.પી. નો જાથાએ આભાર માન્યો હતો. આ કામગીરીમાં ઉમેશ રાવ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, સાહિલ રાજદેવ, ભકિતબેન રાજગોર, હર્ષાબેન વકીલ, રમેશભાઈ મારૂ, વિનોદ વામજાએ સુંદર કામગીરી કરી હતી. પોલીસ કર્મીઓમાં એ.એસ.આઈ. એ. એ. આરબ, રાઈટર મનોજભાઈ સોલંકી, હરેશભાઈ જુજીયા, રામભાઈ બાપોદરા, સુંદર ફરજ બજાવી હતી. રાજયમાં દોરા-ધાગા, પશુબલી, ડાકણ સંબંધી માહિતી મો.૯૮૨૫૨૧૬૬૮૯ ઉપર જાણકારી આપવા અંતમાં જણાવાયું છે.(૧૩)

### કલેકટર અરૂણ મહેશ બાબુએ સમીક્ષા બેઠક યોજી

# રાજકોટમાં યોગ દિવસની ઉજવણીની તડામાર તૈયારી

**રેસકોર્સ ગ્રાઉન્ડ અને રાજકુમાર કોલેજ ખાતે થનાર શહેર-જિલ્લા કક્ષાની ઉજવણી અંગે સૂચનો કર્યા**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

૨૧ જૂનનો દિવસ નમાનવતા માટે યોગથ થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવનાર છે ત્યારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજકોટ જિલ્લામાં થનારી ઉજવણી નિમિતે કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. મિટિંગમાં કલેકટરો વિવિધ વિભાગોના અધિકારીઓ અને પ્રતિનિધિઓ પાસેથી આયોજન અંગેની વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. યોગ માટેની મેટ્સ, પાણી, વીજળી, સ્વચ્છતા, કાયદો વ્યવસ્થા, પાર્કિંગ તેમજ અન્ય આનુષાંગિક વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. રાજકોટ શહેરનો મુખ્ય કાર્યક્રમ રેસકોર્સ મેદાન ખાતે તેમજ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ રાજકુમાર કોલેજ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જેમાં મોટી સંખ્યામાં એનસીસી કેડેટ્સ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ વગેરેના લોકો વધુમાં વધુ જોડાય તેવો કલેક્ટરો અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોર, નિવાસી અધિક કલેકટર કેતન ઠક્કર, પ્રાંત અધિકારીઓ, નાયબ જીલ્લા વિકાસ અધિકારીઓ તેમજ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ, ધાર્મિક અને સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# NFSA હેઠળ જીલ્લામાં ૧૨ લાખથી વધુ લાભાર્થીઓને અનાજ વિતરણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા સરાહનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અન્વયે (એન.એફ.એસ. એ.) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાના ભાગરૂપે અન્નપૂર્ણા યોજના ચલાવવામાં આવી રહી છે. આ યોજનામાં રાશનકાર્ડ ધરાવનારા લાભાર્થીઓને અને આર્થિક રીતે પછાત નાગરિકોને વિવિધ પ્રકારની સામગ્રી જેમકે, અનાજ, તેલ તેમજ પાયાની ખાદ્ય વસ્તુઓ રાજયસરકાર દ્વારા પુરી પાડવામાં આવે છે. જેના ભાગરૂપે માર્ચ મહિનાના અંત સુધી ૨,૯૬,૮૯૭ રેશનકાર્ડ ધરાવતા કુલ ૧૨,૨૧,૪૦૧ લાભાર્થીઓને આ યોજના હેઠળ વિવિધ સામગ્રીની સહાય આપવામાં આવી હતી. તેમ જિલ્લા પુરવઠા અધિકારી અવનીબેન હરણની યાદીમાં જણાવાયું છે.

# ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જુલાઈમાં કારોબારી ચૂંટણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝની સને ૨૦૨૨-૨૦૨૪ ના વર્ષની બંધારણીય જોગવાઇ પ્રમાણે કારોબારીની ચુંટણી તા. ૧૬-૭ ના ત્રીજા શનિવારે યોજવામાં આવેલ છે.આ ચુંટણીમાં ભાગ લેવા માંગતા ઉમેદવારી અંગેના કોરા ફોર્મ ઇચ્છુક ઉમેદવારોએ જે-તે પેઢીના લેટર પેડ ઉપર લેખીતમાં વિનંતી કરી સંસ્થાના કાર્યાલય પરથી તા. ૪-૭ ને સોમવારથી તા. ૭-૭ ગુરૂવાર સુધીમાં મેળવી લેવાના રહેશે. ફોર્મ ભરીને ઓફીસમાં પરત આપવા અંગેનો કાર્યક્રમ તથા અન્ય વિગત સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવેલ હોવાનું ગ્રેટર ચેમ્બરની ચુંટણી કમીટીના કન્વીનર પી. ટી. માંકડીયાની યાદીમાં જણાવાયું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# રવિવારે ફાધર્સ ડેઃ જોહર કાર્ડમાં ગીફટનો ખજાનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮



**પિતા પ્રત્યે લાગણી વ્યકત કરતા અવનવા ગ્રીટીંગ્સ કાર્ડથી માંડીને આકર્ષક ગ્રીફટસ ખરીદવાનો ક્રોઝ**

આગામી રવિવારે 'ફાધર્સ ડે' ની ભાવમય ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે રાજકોટ શહેરમાં વિખ્યાત ડો.યાજ્ઞિક રોડ પરના જોહર કાર્ડસ અને કાલાવડ રોડ પર પ્રેમમંદિર પાસેની જોહર ગેલેરી ખાતે અવનવી ગીફ્સનો ખજાનો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

ફાધર્સ-ડે અર્થાત આપણા અસ્તિત્વનો આદર-ડે. સંતાનો આ દિવસે પોતાના પ્રાણદાતા પિતાશ્રી પ્રત્યે લાગણી વ્યકત કરવો અનેક અનુસંધાનો શોધે છે. આ દિવસે પિતાશ્રીને મનગમતા સરપ્રાઈઝ ગીફ્ટ તથા કાર્ડસ આપી ખુશી બમણી કરી દે છે.તા.૧૯ને રવિવારના રોજ વિશ્વભરમાં ફાધર્સ-ડે ની ઉજવણી થશે. રાજકોટ શહેરમાં આવા તમામ પ્રસંગોના વૈવિધ્યસભર ઉજવણીનો લ્હાવો કરતું કોઇ સ્થાન વિખ્યાત બન્યું હોય તે અહીં ડાૅ.યાજ્ઞિક રોડ ઉપર આવેલ જોહર કાર્ડસ (યુસુફઅલીભાઇ તથા હસનેનભાઇ) તેમજ કાલાવડ રોડ, પ્રેમ મંદીર રોડ, ગાર્ડન સામે આવેલ જોહર ગેલેરી (જોહરભાઇ) છે.

ફાધર-ડે ની ગીફ્ટ અને કાર્ડસ અંગે જણાવ્યું કે, ફાધર્સને ગીફ્ટ આપવા માટે નાઇસ ફાધર,પોર લવ ફાધર ઇઝ ગોડ ગીફ્ટ, યુઆર અમેજીંગ ફાધર, વગેરે હેડીંગ વાળા સ્પે. લખાણવાળા કાર્ડસ આવેલ છે.

આ ઉપરાંત બેસ્ટ ડેડી ઇન ધ વર્લ્ડ, સુપર ડેડ, માય ડેડ માય એ.ટી.એમ. ફાધરના કેટેશનવાળા મગ જેમાં અલગ અલગ લખાણ વાળા, પેન સ્ટેન્ડ, પીલો, વોલેટ, કમર બેલ્ટ, ડેડની ટ્રોફી, નામવાળા વેલેટ, કીચેઇન પેન વી. વાળા કોમ્બોસેટ, શોપીસ, રીસ્ટવોચ, ચોકલેટ, બુકે, ડાયરી, ફાધરના કોટેશનવાળી ફ્રેમ, ફાધર્સનું લખાણવાળું સર્ટિફિકેટ, ડેડ,ફાધર, પપ્પા લખેલી ચેઇન,પોકેટ,ઘડીયાર,પપ્પાને આપવા માટે સ્પે.લખાણવાળી સંખ્યા બંધ ગીફ્ટ આપે છે.

# રાજકોટમાં ટીમ ઇન્ડિયાનું 'રાજ': ૧૬૯ રન, આફ્રિકાની ટીમ ૮૭ રનમાં સમેટાઇ











(તસવીરઃ દિલીપ ગોહેલ)



## ભારતીય ટીમે મેચ જીતીને શ્રેણી ૨–૨થી બરાબર કરી લીધીઃ સીરીઝની નિર્ણાયક અને આખરી ટી–૨૦ મેચ કાલે રમાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

રાજકોટના ખંઢેરી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ઇન્ડિયાએ ૮૨ રને આફ્રિકાને હરાવી વિજય થઇ છે. ત્યારે ટી-૨૦ શ્રેણી હવે ૨-૨ની બરાબરી પર આવી ગઇ છે. આવતીકાલે આ સીરીઝની નિર્ણાયક અને આખરી ટી-૨૦ મેચ છે.

આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે ૨૦ ઓવરમાં ૧૬૯ રન બનાવ્યાં હતા જેની સામે આફ્રિકાએ ૮૯ રનમાં સમેટાઇ ગઇ હતી. દિનેશ કાર્તિક (૫૫ રન), હાર્દિક પંડ્યા (૪૬ રન) અને આવેશ ખાન (૪ વિકેટ) ભારતની જીતના હીરો રહ્યા હતા. ટી-૨૦ ઈન્ટરનેશનલમાં દક્ષિણ આફ્રિકા સામે ટીમ ઈન્ડિયાની આ સૌથી મોટી જીત છે.

અગાઉનો રેકોર્ડ ૪૮ રનનો હતો. ભારતની એકંદરે આ પાંચમી સૌથી મોટી જીત છે. ઈશાન ૨૬ બોલમાં ૨૭ રન કરીને આઉટ થયો હતો. તેની વિકેટ એનરિક નોર્ત્યાએ લીધી હતી. ઉલ્લેખનીય છે કે ચોથી મેચમાં ટોસ પણ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવશે. જે ટીમ ટોસ જીતશે તે પહેલાં બોલિંગ કરવાનું પસંદ કરશે. રાજકોટના ગ્રાઉન્ડમાં દિનેશ કાર્તિકનું તોફાન જોવા મળ્યું હતું. કાર્તિકે ૨૭ બોલમાં ૫૫ રન બનાવ્યા હતા. જેમાં ૯ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યો હતા. પરિણામે ક્રિકેટપ્રેમીઓને કાર્તિકના રનનો વરસાદ જોવા મળ્યો હતો.

ઋતુરાજ ગાયકવાડ, શ્રેયસ અય્યર, ઈશાન કિશન અને કેપ્ટન પંતના રૂપમાં ભારતે ૮૧ રનમાં ૫ વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી પંડ્યા અને કાર્તિકે શાનદાર ભાગીદારી કરી હતી. બંને વચ્ચે ૩૩ બોલમાં ૬૫ રનની ભાગીદારી થઈ હતી. પંડ્યા અને કાર્તિકના આધારે ભારતનો સ્કોર ૮૧ થી ૧૪૬ રન પર પહોંચ્યો હતો. ટીમ ઈન્ડિયાને પાંચમો ઝટકો લાગ્યો છે. પંડ્યા તેની પ્રથમ ટી૨૦ અડધી સદી માત્ર ૪ રનથી ચૂકી ગયો હતો. તેણે ૩૧ રનમાં ૪૬ રનની ઈનિંગ રમી હતી. જેમાં ૩ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થાય છે. કાર્તિક પણ છેલ્લી ઓવરના બીજા બોલમાં ૫૫ રન બનાવીને આઉટ થયો હતો. તેણે ૨૭ બોલમાં ૯ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૫૫ રન બનાવ્યા હતા.

### શહેરમાં તમામ વોર્ડમાં સેવા સુશાસન અંતર્ગત

## સુપોષણ અભિયાન દ્વારા કુપોષિત બાળકો માટે ફ્રી મેડીકલ કેમ્પ યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

સમગ્ર ગુજરાતભરમાં સુપોષણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવેલ છે ત્યારે સમગ્ર ગુજરાતભરમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા દ્વારા કુપોષિત બાળકને દતક લઈ સુપોષિત બને અને કુપોષિત બાળકને શહેરના નિષ્ણાંત ડોકટરો દ્વારા સારવાર મળે તે માટે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ વોર્ડમાં શહેર ભાજપ ડોકટર સેલ દ્વારા કુપોષિત બાળકોના ફ્રી મેડીકલ ચેકઅપ યોજાયો હતો. આ સુપોષણ અભિયાનમાં સંયોજક તરીકે કિશોર રાઠોડ અને સહ સંયોજક તરીકે વિક્રમ પુજારા જવાબદારી સંભાળેલ હતી.

આ તકે આ કેમ્પનો પ્રારંભ અમૃતા હોસ્પિલ ખાતે કમલેશ મિરાણી, જીતુ કોઠારી, કીશોર રાઠોડ, લાખાભાઈ સાગઠીયા, રક્ષાબેન બોળીયા, કશ્યપ શુકલ, રાજુભાઈ ધ્રુવ, પુષ્કર પટેલ, ડો.દર્શીતાબેન શાહ, વિક્રમ પુજારા સહીતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ તકે જીતુ કાટોળીયા, ડો. દર્શનાબેન પંડયા, ડો. રાજેશ્વરીબેન ડોડીયા, રક્ષાબેન વાયડા, દક્ષાબેન વસાણી, પ્રદીપ નીર્મળ, હીરેન સાપરીયા, વીરેન્દ્ર ભટ્ટ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. તેમજ પ્રદેશ ભાજપ ડોકટર સેલના સંયોજક ડો. અતુલભાઈ પંડયા, મહાનગર ભાજપના સંયોજક ડો.ચેતન લાલસેતા, સહ સંયોજક ડો. નરેન્દ્ર વિસાણી, ડો. અમીત હપાણી, આઈએમએ રાજકોટના ડો. સંજય ભટ્ટ, ડો. પારસ શાહ, ડો. તુષાર પટેલ, બાળરોગ નિષ્ણાંતો ડો. જય ધીરવાણી, ડો. સમીર ઠકરાર, ડો. ચેતન દવે સહીતના તબીબોએ આ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.(૧૩)

## સૌરાષ્ટ્ર-કચ્છમાં મિશ્ર વાતાવરણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે મિશ્ર વાતાવરણનો માહોલ છે. આ વાતાવરણ વચ્ચે પવનના સુસવાટા પણ યથાવત છે. જામનગરમાં હવામન ૩૭ મહતમ ૨૮ લઘુતમ ૮૩ ટકા વતાવરણમાં ભેજનું પ્રમાણ ૯.૯ પ્રતિ કલાક પવનની ગતી રહી હતી.

## હળવદ પતંજલિ નર્સિંગ કોલેજ ખાતે અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**(શિવ મયુર દ્વારા)**

હળવદ, તા.૧૮

હળવદ ખાતે આવેલ પતંજલિ નર્સિંગ કોલેજ ખાતે અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત અંગદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અંગદાન અંગેની વિશેષ માહિતી દિલીપભાઈ દેશમુખ દ્વારા પૂરી પાડવામાં આવી હતી જેમાં કોણ અંગદાન કરી શકે કોને અંગદાનની જરૂર છે અને કયાં અંગ પ્રત્યારોપણ થઈ શકે તેવી માહિતી વિસ્તૃત રીતે દિલીપ દાદાએ આપી હતી આ કાર્યક્રમમાં હળવદમાં રહેતા નવીનભાઈની દીકરી જાન્વીને તેની બંને કિડની ફેઇલ થતાં તેમના માતા કૈલાશબેનએ કિડની દાન આપી દીકરીના જીવનમાં અજવાળું કર્યું હતું. તેમજ હળવદના ભટ્ટફડીમાં રહેતા અનીરૂધભાઈ દવેનું લિવર ફેઈલિયર થતાં





તેમને સુરતના ગીતાબેન દ્વારા લિવરનું દાન મળતા ૨૦૧૬ની સાલમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું ત્યારે અંગદાન પ્રાપ્ત કરનાર અને દીકરીને કિડનીનું દાન કરનાર બધા ખૂબ સ્વસ્થતાથી પોતાનું જીવન જીવી રહ્યા છે અને તેઓએ પણ અંગદાન કરવા માટે અપીલ કરી હતી ત્યારે આજના આ કાર્યક્રમમાં હાજર સૌને અંગદાન અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી અને નર્સિંગ કોલેજની બહેનો ભવિષ્યમાં જ્યાં પણ ફરજ બજાવે ત્યાં અંગદાન અંગેની જાગૃતિ લાવે તેવા શુભ આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના દિલીપભાઈ દેશમુખ, બીપીનભાઈ દવે, રણછોડભાઈ દલવાડી , મામલતદાર નાનજીભાઈ ભાટી, સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંકલન પતંજલિ કોલેજના સંચાલક ડો.અલ્પેશભાઈ સીનોજીયા અને સામાજિક કાર્યકર તપનભાઇ દવેએ કર્યું હતું. તેમ જણાવ્યું છે.(૧૩)

### અખિલ ભારતીય કોળી સમાજ

## ગુજરાત પ્રદેશ યુવા મીડિયા સેલ કન્વીનર તરીકે એડવોકેટ અજય શિયાળની નિમણૂંક



**(અજય શિયાળ દ્વારા)**

રાજુલા, તા.૧૮

અખિલ ભારતીય કોળી સમાજ ન્યુ દિલ્હી ગુજરાત પ્રદેશ યુવા અધ્યક્ષ દિવ્યેશભાઈ ચાવડા દ્વારા ગુજરાત સંગઠન નવી નિમણૂંક કરી છે. તેમાં ગુજરાત પ્રદેશ યુવા મિડિયા સેલ કન્વીનર તરીકે એડવોકેટ અજય શિયાળની નિમણૂંક કરવામાં આવી છે. તેવો અનેક સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓ અનેક સામાજિક પ્રશ્નોને વાંચા આપી લોકોને ન્યાય અપાવવામાં સફળ રહ્યા છે.

અજય શિયાળ જણાવ્યું છે કે સમાજના વિકાસ માટે તે હંમેશા તત્પર છે રાજ્યમાં યુવાનોને સંગઠિત કરી કોળી સમાજ અને અન્ય સમાજને સાથે રાખી તમામ સમાજના સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્ન કરીશું.(૧૩)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

### એનિમલ વેલ્ફેર બોર્ડનાં સભ્યો દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

## ગૌવંશ માટે ૬૦૦ કરોડની યોજનાનો તાકિદે અમલ કરો

### સરકારે બજેટમાં જાહેર કર્યા બાદ હજુ સુધી નહીં થયેલા ઠરાવ મુદ્દે મુખ્યમંત્રીની સાનુકૂળ બાહેધરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

રાજયની તમામ પાંજરાપોળ અને ગૌશાળાને કાયમી, દૈનિક પ્રતિ પશુ પ્રતિદીન સબસીડી આપવામાં આવે તેવી ઘણા વર્ષોથી માંગ હતી. પાંજરાપોળ ગૌશાળામાં અત્યારે સતત અબોલ જીવોની સંખ્યા વધતી જાય છે. પાડા, વાછડા, ખૂબ મોટા પ્રમાણમાં આવી રહયાં છે, દાનની આવક ઘટી રહી છે. મોંઘવારી વધતી ગઈ છે. ગુજરાતની તમામ ગૌશાળા-પાંજરાપોળની વર્ષો જુની રજૂઆતને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે નાણાંમંત્રી કનુભાઈ દેસાઇ એ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉમદા જીવદયા ભાવનાથી પ્રોત્સાહિત થઈને અને રાજયનાં પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલનાં સહકારથી ૫૦૦ કરોડ અને નિઃસહાય (રખડતાં) ગૌમાતા, ગૌવંશ માટે ૧૦૦ કરોડ જાહેર કરવાની જાહેરાત બજેટમાં કરવામાં આવી હતી. આ યોજનાનો ઠરાવ હજુ સુધી બહાર પાડવામાં આવ્યો નથી.

આ અંગે યોગ્ય કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલને રૂબરૂ મળી સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી અને ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના ગિરીશભાઈ શાહ તથા મિતલ ખેતાણી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે પણ સાનુકૂળ પ્રતિભાવ આપી, તા. ૧ એપ્રિલથી જ આ યોજનાનું અમલીકરણ થશે અને આ અંગે યથાયોગ્ય ઠરાવ પણ તાત્કાલિક પસાર કરવામાં આવશે જેની ખાતરી આપી હતી.



**કરૂણા ગૌશાળામાં ૧૧૧ મણ ઘાસચારો અર્પણ કરતા હિતેશ દોશી**




ફિલ્મ પ્રોડકશન હાઉસ હવે રાજકોટ માં...
વીડી ફિલ્મસ પ્રાઇવેટ લીમીટેડ
હવે તમારા બિઝનેસ મા વધારો કરવા માટે
વિડિયો એડ અને કોર્પોરેટ વિડિયો બનાવો
95123 30013
બીગ બજાર પાછળ, મારૂતી ચોક પાસે, રાજકોટ

Dt.18-06-2022 8
શનિવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

# રાજકોટમાં ચોમાસાના પારોઠના પગલાં? ગરમી ફરી વધી

**ફરીથી અસહ્ય ઉકળાટથી કંટાળેલા લોકોને વરસાદનો ઈન્તેજાર**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મેઘરાજા આશા જગાવીને એકાએક પાછા અલોપ થઇ ગયા હોય તેમ બે-ચાર ઝાપટા સિવાય રાજકોટ અને અન્યત્ર ધાર્યા મુજબ ચોમાસું શરૂ થયું નથી અને ગરમીનાં દિવસો પાછા ફર્યા હોય તેવું લાગે છે. હવે ફરીથી લોકો આકરી ગરમી અને સાથે- સાથે સખત બફારાનો પણ અનુભવ કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોનાં ખેડૂતો ચિંતામાં મુકાઇ ગયા છે. સામાન્ય રીતે ૧૫- ૧૬ જૂનથી સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને રાજકોટમાં વરસાદ શરૂ થઇ જતો હોય છે. પરંતુ આ વખતે હજુ મેઘરાજાએ જોરદાર પધરામણી કરી નથી અને અલોપ થઇ જતા લોકોમાં ચિંતા વધી છે. શહેરીજનો બેતાબીથી જોરદાર વરસાદનો ઈન્તેજાર કરી રહ્યા છે.(૨.૧૨)

**વડોદરામાં ૨૧ હજાર કરોડના વિવિધ પ્રકલ્પોની રાજ્યને ભેટ આપતા નરેન્દ્ર મોદી**

# ૨૧મી સદીના ભારત માટે મહિલાઓનો વિકાસ જરૂરીઃ વડાપ્રધાન






## રેલવેના અનેક પ્રોજેક્ટ, પાણી પુરવઠા યોજનાઓ, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી સહિતના પ્રોજેક્ટનું ઉદ્દઘાટન અને ભૂમિપૂજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
વડોદરા, તા.૧૮

વડોદરા ખાતે ગુજરાત ગૌરવ અભિયાન અંતર્ગત યોજાયેલા મહાસંમેલનમાં સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહિલાઓનાં ઉત્કર્ષ અને કલ્યાણ પણ ભાર મુકતા જણાવ્યું હતું કે, ૨૧મી સદીના ભારતના વિકાસ માટે મહિલાઓનો વિકાસ જરૂરી છે. મહિલાઓના વિકાસ અને એમની આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને અમે અનેક યોજનાઓ બનાવી છે અને અમલમાં મૂકી છે. તેમણે મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય માટે તથા કુપોષણની સમસ્યા દૂર કરવા માટે સરકારે લીધેલા પગલાઓની ઝલક આપી હતી.

લેપ્રસી ગ્રાઉન્ડ પર બનાવવામાં આવેલા વિશાળકાય ડોમમાં જંગી જનમેદનીને સંબોધન કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજનો દિવસ મારા માટે માતૃવંદનાનો દિવસ છે. મેં સવારે જન્મદાત્રી માતાના આશિર્વાદ લીધા અને એ પછી મેં માતૃશક્તિના વિરાટ સ્વરૂપના દર્શન કર્યા. આ વાક્ય સાથે એમણે સંબોધન શરૂ કર્યું હતું અને જણાવ્યું હતું કે, પાવાગઢમાં મને અનેક આધુનિક સુવિધાઓ શરૂ કરાવવાનો અવસર મળ્યો છે. આજે અહીં લાખો માતાઓ અને બહેનો મને આશિર્વાદ આપવા આવી છે એ તમામને પ્રણામ કરું છું. કેટલીક એવી માતાઓ પણ મને મળી છે જેમને મેં પ્રણામ કર્યા હતા.

તેમણે મહિલા ઉત્કર્ષ પર ભાર મુકતા કહ્યું હતું કે, ૨૧મી સદીનાં ભારતના વિકાસ માટે મહિલાઓનો વિકાસ જરૂરી છે. મેં આદિવાસી મહિલાઓની સમસ્યાઓ જોઈ છે. મારી સરકારે મહિલાઓની આકાંક્ષા અને એમના વિકાસને ધ્યાનમાં રાખીને અનેક પ્રકલ્પો તથા યોજનાઓ શરૂ કરી છે. આજે સવા કરોડ બહેનોને રૂ.૧૧૮ કરોડના લાભ મળ્યા છે. મહિલાઓનાં જીવનને સરળ બનાવવા અમે યોજનાઓ બનાવી છે. આજથી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના શરૂ થઇ છે. એ જ રીતે દૂધ સંજીવની યોજનાથી આદિવાસીના બાળકોને લાભ મળ્યો છે.

તેમણે કહ્યું હતું કે, હું સતા પર આવ્યો ત્યારે કુપોષણ સૌથી મોટો પડકાર હતો. સિકલસેલની ચિંતા કરવાનું બીડું અમે ઝડપ્યું છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાતનાં વિકાસ થકી દેશના વિકાસ માટે અમે પ્રતિબધ્ધ છીએ.

તેમણે આ તકે વડોદરા શહેર સાથેનાં સંસ્મરણો વાગોળ્યા હતા અને વડોદરા શહેરની ભરપુર પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, વડોદરા માંની જેમ સંસ્કાર આપતું નગર છે. સંસ્કાર નગરી છે અને પ્રેરણા આપતું શહેર છે. અનેક મહાપુરૂષોને વડોદરાએ પ્રેરિત કર્યા છે. મને પણ ખૂબ સાચવ્યો છે. મારી વિકાસ યાત્રામાં વડોદરાનું યોગદાન હું કદી ભૂલી ન શકું. આ તો સુખદુઃખનું સાથી શહેર છે. વડોદરા અને આસપાસથી લાખોની સંખ્યામાં આવેલી મારી માતાઓ અને બહેનોને હું પ્રણામ કરું છું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાવાગઢમાં કાલિકા માતા મંદિરનાં ઉદ્દઘાટન, ધ્વજારોહણ તથા મહાકાળી માતાના દર્શન બાદ વડોદરા આવી પહોંચ્યા ત્યારે ભારત માતાકિ જયનાં ગગનભેદી જયઘોષ સાથે ઉપસ્થિત લોકોએ વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કર્યું હતું. વિશાળકાય ડોમમાં ખુલ્લી જીપમાં ફરીને વડાપ્રધાન મોદીએ હર્ષનાદો કરતા લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. વડાપ્રધાનને પાઘડી પહેરાવી એમનું ભિન્ન- ભિન્ન પ્રકારની ભેટો આપીને શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન ડોમમાં આવી પહોંચ્યા ત્યારે ગરબા અને તલવારબાજી સાથે એમનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં વડાપ્રધાનનો સત્કાર કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, એક ભારત અને શ્રેષ્ઠ ભારત માટે પ્રધાનમંત્રી મોદી કટીબધ્ધ છે. વડાપ્રધાનના પ્રયાસોથી જ ગુજરાતના છેવાડાના વિસ્તારોને પાણી મળ્યું છે. આજે વડાપ્રધાને મધ્ય ગુજરાતને વિકાસની વિવિધ યોજનાઓની ભેટ આપી છે. ગુજરાત શિક્ષણમાં હરણફાળ ભરી રહ્યું છે. કેમકે ઉજ્જવળ પેઢીના ઘડતર માટે વડાપ્રધાન ખૂબ પ્રયત્નશીલ છે.

વડાપ્રધાને ૧૬ હજાર કરોડના રેલવે પ્રકલ્પો સહિત કુલ રૂ.૨૧ હજાર કરોડની વિવિધ યોજનાઓનું લોકાર્પણ કર્યું હતું અને ખાતમુહૂર્ત પણ કર્યું હતું. એક લાખ ૪૦ હજાર લોકો માટે આવાસની યોજનાઓનું વડાપ્રધાનનાં હસ્તે ભૂમિપૂજન કરાયું હતું. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અને આદિજાતિ તાલુકાઓ માટેની પોષણસુધા યોજના વડાપ્રધાને લોન્ચ કરી હતી. ૬૬૦.૨૬ કરોડની પાણી વિતરણ યોજનાઓનું પણ એમણે ઉદ્દઘાટન કર્યું હતું. વડોદરાનાં કુંઢેલી પાસે બનનાર પ્રોજેક્ટનું પણ તેમણે ભૂમિપૂજન કર્યું હતું. ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના નવા કેમ્પસનું રૂ.૭૪૩ કરોડનાં ખર્ચે નિર્માણ થશે. આવતીકાલે વડાપ્રધાન ગાંધીનગરમાં પણ ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીનાં નવા કેમ્પસનું ભૂમિપૂજન કરશે. વડોદરા પાસેનાં કુંઢેલા ગામે નવા કેમ્પસ માટે રાજ્ય સરકારે ૧૦૦ એકર જમીન ફાળવી છે. વડાપ્રધાને

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂ.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## GSSSBની ભરતીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન ઓનલાઇન થશે

(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૧૮

ભરતી પ્રક્રિયાને લઇ ગૌણ સેવા પસંદગી મંડળનો મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં હવે GSSSBની ભરતીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન ઓનલાઇન થશે. તાજેતરમાં જ જાહેર થયેલ હેડ કલાર્કની ભરતીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન ઓનલાઇન થશે. નોંધનીય છે કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૪૪૬ જેટલી જગ્યાઓ માટેની ભરતી જાહેર કરવામાં આવી છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હવે ડોક્યુમેન્ટ વેરિફિકેશનને લઈ એક મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જે મુજબ હવે GSSSBની ભરતીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન ઓનલાઇન થશે. જેથી હેડ કલાર્કની ભરતીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન ઓનલાઇન કરવામાં આવશે. ઉમેદવારોએ ૨૭ જૂનથી ૪ જૂલાઇ સુધી ડોક્યુમેન્ટ ઓનલાઇન સબમિટ કરવાના રહેશે. જેને લઈ આગામી દિવસોમાં વિગતવાર ગાઇડલાઇન જાહેર કરાશે.

### આગામી દિવસોમાં વિગતવાર ગાઇડલાઇન જાહેર કરાશે

GSSSB હેડ કલાર્ક ડોક્યુમેન્ટ વેરિફિકેશન લિસ્ટ ૨૦૨૨ કેવી રીતે તપાસવું ? GSSSBની અધિકૃત વેબસાઇટ https://gsssb.gujarat.gov.in/ પર જાઓ.

ત્યારબાદ હોમપેજના ડાબા ખૂણે આપેલ પરિણામ ટેબ પર ક્લિક કરો. ત્યારબાદ અંત સુધી સ્ક્રોલ કરો, તમને હેડ કલાર્ક વર્ગ-૩ પરિણામ લિન્ક મળશે. એ લિન્ક પર ક્લિક કરો. GSSSB પરિણામ PDF ડાઉનલોડ કરો. અંતે પસંદ કરેલા ઉમેદવારોનો રોલ નંબર તપાસો. GSSSB દ્વારા જાહેર કરાયેલી અન્ય ભરતીની માહિતી.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મોટી ભરતીની જાહેરાત

(અનુ.પાના નં.૪ ઉપર)

## ઘુડખર અભ્યારણ્યમાં ૧૫મી ઓકટોબર સુધી પ્રતિબંધ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
સુરેન્દ્રનગર, તા.૧૮

નાયબ વન સંરક્ષક, ઘુડખર અભયારણ્ય- ધ્રાંગધ્રા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ એક જાહેરનામા પ્રમાણે આગામી તા.૧૫ ઓકટોબર ૨૦૨૨ સુધી ઘુડખર અભ્યારણ્યમાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના તા.૧૨/૦૧/૧૯૭૩ ના જાહેરનામાંથી અને ૧૯૬૩ ના ગુજરાતના વન્યપ્રાણી અને પક્ષીઓના સંરક્ષણ બાબતના અધિનિયમ અન્વયે કચ્છનું નાનું રણ આઇલેન્ડ/બેટ સહિત તથા કચ્છના નાના રણ અને તેને લાગું આવેલ સરકારી પડતર ખરાબાઓના વિસ્તારનો અભયારણ્ય, શિકાર પ્રતિબંધિત આશ્રયસ્થાન જંગલી ગધેડાઓના અભ્યારણ્ય તરીકે જાહેર કરેલ છે. આ અભ્યારણ્યમાં ઘુડખર, દીપડા, ચિંકારા, કાળીયાર, નીલગાય, ઝરખ, નાર, શિયાળ, લોકડી તેમજ સાંઢા જેવા વન્યપ્રાણીઓ વસવાટ કરે છે. જેથી રાતના સમયે બિન અધિકૃત વ્યક્તિઓએ વાહન લઇ કે પગપાળા અભયારણ્યમાં પ્રવેશ કરવો નહીં તથા દિવસ દરમિયાન ૨૦ કિ.મી.થી વધુ ઝડપે કોઈએ વાહન ચલાવવા નહીં. તેમ છતાં આવા કોઇ માલુમ પડશે તો તેમની સામે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવા વધુમાં જણાવાયું છે.(૯)

## વડોદરામાં ૧૦૦મી. દોડમાં ૧૦૬ વર્ષના દાદાએ સુવર્ણ ચંદ્રક જીત્યો

(એજન્સી સમાચાર)
વડોદરા,તા.૧૭

ઉંમર અને શોખ સામે શોખ વધુ જવાન અને ઉંમરને કોઈ લેવા દેવા નહીં તેવી કહેવત સાથે વડોદરામાં ૧૦૬ વર્ષના દોડ વીરાંગના રમાબાઈ હાલમાં પહેલીવાર યોજાયેલી નેશનલ માસ્ટર એથ્લેટિક ગેમમાં રમવા માટે માંજલપુરના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આવ્યા છે. ૧૦૦ મીટરની દોડમાં સુવર્ણ ચંદ્રક વિજયના દેખાવથી આશ્ચર્યચકિત અને અભિભૂત થઈ ગયેલા ખેલ અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ આદરભાવ સાથે તેમનું અભિવાદન કર્યું હતું. આ સાથે જ જણાવ્યું હતું કે, રમાબાઈ યુવા ખેલાડીઓ માટે પ્રેરણા સ્ત્રોત છે.

આ પહેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં ૩૫ વયના ૧૪૪૦ જેટલા વડીલ રમતવીરો યુવાનો જેવા ઉત્સાહ સાથે દેશભરમાંથી ભાગ લઈ રહ્યાં છે. એક દાદીમાં અને તેમના વડીલ પૌત્રી સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં છે. હરિયાણાના ચરખી દાદરીના રમાબાઇએ ૧૦૦ મીટર દોડમાં ઉતરીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તેઓ છેલ્લા એક વર્ષથી સતત દોડી રહ્યાં છે અને ખૂબ ઉત્સાહ સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં તેમણે ભાગ લીધો છે. તેમની જ પ્રપૌત્રી શર્મિલા સાંગવાન ૩૦૦૦ મીટરની ચાલમાં તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. તેઓ પોતાની દાદીમા સાથે ભાગ લેવાને લઈને ખૂબ રોમાંચિત હતા.

તેમણે કહ્યું કે મારા દાદીમા સૌ માટે પ્રેરણાનો સ્ત્રોત છે અને અમારું રમત પ્રેમી પરિવાર દેશભરમાં યોજાતી રમત હરીફાઈમાં ભાગ લે છે. ૮૨ વર્ષના હરિયાણાના જગદીશ શર્મા શૌચની સમસ્યા સાથે મેદાનમાં ઉતર્યા હતા અને ૧૦૦ મીટરની દોડમાં બીજા નંબરે જીત્યા હતા. તેઓ લાંબા કુદકામાં ભાગ લેશે. ૮૨ વર્ષના શાલિની દાતાર પણ આ પહેલી માસ્ટર

(અનુ.પાના નં.૪ ઉપર)

# આજી-ન્યારીના તળીયા દેખાયા, નર્મદાનીર માટે મનપાતંત્ર સરકારના શરણે...


**અગાઉ પણ સૌની યોજનાથી પાણી ઠલવાયું છતાં પાણીની અછત સર્જાઇઃ ડેમોમાં 30 જુન સુધીનું જ પાણી**

**આજી, ન્યારી, ભાદરમાં પાણીનો જથ્થો સાવ ઓછોઃ જરૂરીયાત પુર્ણ કરવા ૧૮૦ એમસીએફટી પાણી ઠાલવવા માંગ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેરને દરરોજ અપાતા ૨૦ મિનિટ પાણીનો જથ્થો જાળવી રાખવા માટે આગામી 30 જૂન પછી મુશ્કેલી ઉભી થાય તેમ હોય જો વરસાદ ન પડે તો કપરી સ્થિતિમાંથી બચવા માટે મહાપાલિકા સરકારના શરણે થઇ છે. નર્મદા નીર સૌની યોજનાથી આજી-૧ ડેમમાં ઠાલવવા માટે માગણી કરી છે.મનપા કમીશનરે નર્મદા જળસંપતિ તથા કલ્પસર વિભાગના સચિવને પત્ર લખી જણાવ્યું છે કે, હાલ આજી -૧માં ૪૨૦ એમ.સી.એફ.ટી. જથ્થો છે. જેમાં માંડ ૨૦૦ એમ.સી. એફ.ટી. નીર ઉપાડી શકાશે. બાકી જથ્થો ડેડ વોટરમાં રહેતો હોવાથી તેનો ઉપાડ થઈ શકે તેમ નથી. આવા સંજોગોમાં શહેરને દરરોજ અપાતા ૨૦ મિનિટ જથ્થાને જાળવી રાખવા માટે નર્મદાનીરની જરૂર પડે તેમ છે. હાલ પાઈપલાઈન મારફત જે જથ્થો મળે છે તેમાં વધારો થઈ શકે તેમ નથી. આવા સંજોગોમાં સૌની યોજનાથી જો આજી -૧ ડેમમાં ફરી વખત પાણી ઠાલવવામાં આવે તો દરરોજ પાણી વિતરણ શકય બને તેમ છે. હાલ ૩૬૦એમ.એલ.ડી. પાણીનું વિતરણ કરવામાં આવે ચે જેમાં આજી-૧માંથી ૧૩૫ એમ. એલ.ડી., ન્યારીમાંથી ૬૦એમ.એલ.ડી., અને ભાદરમાંથી ૪૦એમ.એલ.ડી. જથ્થો મળે છે. ઘટતો ૧૩૫થી ૧૪૦ એમ.એલ.ડી. જથ્થો નર્મદા લાઈનમાંથી લેવાય છે. ભાજપે ચૂંટણી સમયે રાજકોટને દરરોજ ૨૦ મિનિટ પાણી વિતરણ થતું રહેશે તેવું વચન આપેલું છે ત્યારે શાસકો દ્વારા સરકારમાં આજી-૧માં પાણી મળે તે માટે રજૂઆતો થનાર છે. દરમિયાન મ્યુનિસિપલ કમિશનરે પાણી પુરવઠાની સમિક્ષા કરીને જૂન 30 પછી સમસ્યા ઉભી થાય તે પહેલા જ સૌની યોજનાથી આજી -૧ ડેમમાં ૧૮૦ એમ.સી. એફ.ટી. નર્મદાનીરની માંગ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રમાં હંમેશા પાણીની અછત રહેતી હોય છે. હજુ સુધી સારો વરસાદ થયો નથી. અનેક વિસ્તારમાં ઓછો વરસાદ પડ્યો છે. ઓછા વરસાદને કારણે ખેડૂતો માટે તો મુશ્કેલી ઉભી થઈ છે. પરંતુ હવે રાજકોટ શહેરમાં જળસંકટની સ્થિતિ ઉભી થઈ છે. ચોમાસાની સીઝન ચાલી રહી છે, પરંતુ હજુ સુધી જરૂરીયાત પ્રમાણે વરસાદ થયો નથી અને રાજકોટ માટે ખરાબ સમાચાર આવી રહ્યાં છે. રાજકોટના અનેક ડેમોમાં પાણીનો જથ્થો ઘટી ગયો છે. રાજકોટ શહેરે ઉનાળાના સમયમાં દર વર્ષે પાણીના સંકટનો સામનો કરવો પડે છે. દર વર્ષે રાજકોટની પ્રજા પાણીની તંગીનો સામનો કરતી હોય છે. પરંતુ આ વખતે ચોમાસાની સીઝનમાં પાણીની સમસ્યા સર્જાય શકે છે. રાજકોટના મહકવના ડેમોમાં પાણીનો જથ્થો પૂરો થવા આવ્યો છે. હવે રાજકોટની જનતાએ પાણી માટે નર્મદાના નીર પર આધાર રાખવો પડશે.



| જળાશય | જળજથ્થો | દરરોજનો ઉપાડ |
|---|---|---|
| આજી-૧ | ૪૨૦.૧૯MCFT | ૧૩૫MLD |
| ન્યારી-૧ | ૫૨૫.૩૯MCFT | ૬૦MLD |
| ભાદર-૧ | ૨૪૧૩MCFT | ૪૦MLD |

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.